Souvenir 1992-93
Institution Towards 103rd Year

સ્મરણિકા - ૧૯૯૨/૯૩
સંસ્થા ગતિપંથે ૧૦૩મે વર્ષ

بسم الله الرحمن الرحيم

ESTD 1889

REGD. NO. S.R. 8/2071/1953 & B.P.T. F/45 S/8045/1954

مدرسۂ انجمن اسلام

# Madresa-e-Anjuman-e-Islam

KATHOR 394 150 DIST. SURAT GUJARAT

જુની બિલ્ડીંગ ૧૯૧૬



હાઈસ્કૂલ બિલ્ડીંગ ૧૯૮૦



પ્રાથમિકશાળા



આઈ. ટી. આઈ. અને વી. ટી. સી.



ગર્લ્સ હોસ્ટેલ



ક્વાર્ટર્સ



# શતાબ્દી મહોત્સવ

"હરેક મુસ્લિમ સ્ત્રી અને પુરૂષે તાલીમ લેવી ફરજીયાત છે."

બિસ્મિહીતઆલા

# પ્રમુખનું નિવેદન

તે કરીમે કારસાઝનું લાખ લાખ શુક્ર અન અહસાન છે ક આપણી માયઅ નાઝ શિક્ષણ સંસ્થા મદ્રેસએ અન્જુમને ઈસ્લામે ૧૦૨ વર્ષની લાંબી મંઝીલ ખુબ શાનો શૌકતની સાથે પુરી કરી રહી છે. એ માટે આપણે ગૌરવ લઈ શકીએ. અપણી આ સંસ્થાએ પોતાના જીવનમાં ઘણી લીલી સુકી જોઈ છે. છતાં મકકમતાથી સામનો કરી વણથંભી કુચ જારી રાખી છે.

૧૯૮૦ સુધી સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ બંધીયાર, હવા ઉજાસ અને રમતના મેદાન વિના ભાડાના મકાનોમાં રૂંધાઈ રહી હતી.

૧૯૮૧ માં એની પ્રવૃત્તિ કથરાદાવાડીના નવા મકાનમા અને વિશાળ ખુલ્લા મેદાનમાં પ્રવેશ કર્યો અને એની શૈક્ષિણક પ્રવૃત્તિએ હરણફાળ ભરવા માંડી.

૧૯૮૧ માં જ નર્સરી-કે.જી.ના કલાસો ચાલુ કરવાનું સાહસ કર્યુ. પરંતુ તેની પાછળ દુરઅંદેશીની વિચારણા હતી. નેકનીય્યત અને ખુલુસ દીલથી અલ્લાહ પર તવકકલ કરી આ સાહસ કર્યું હતુ.

૧૯૮૨ માં હિંમત કરી ગર્લ્સ હાઈસ્કૂલની શરૂઆત કરી. આપણો વરસોનો અનુભવ છે કે આપણી દીકરીઓ શિક્ષણમાં બહુ રસ લેતી નહોતી. તેમના વાલીઓની દૃઢ માન્યતા હતી કે છોકરીઓને ભણાવીને કયાં નોકરી કરાવવી છે. ઉપરાંત સહશિક્ષણ પ્રત્યે તેમને સુગ અને નફરત હતી. જેથી સ્વતંત્ર શિક્ષિત બહેનો દ્વારા ઘરઆંગણે ચાલતી હાઈસ્કૂલોમાં બાળાઓ આવવા લાગી. ૧૯૮૨ પછીના આંકડાઓ બતાવે છે કે અમારો હેતુ બર આવ્યો. ખુદાનો શુક્ર અને એહસાન છે. **આપણાં વિસ્તારમાં આ એક માત્ર સ્વતંત્ર શિક્ષિત બહેનોથી ચાલતી હાઈસ્કલ છે** એ આપણી વિશિષ્ટતા છે. ચાલ સત્રથી તેમના માટેનાં ખુબ જ ઉપયોગી વિષયો તેમના શિક્ષણના અભ્યાસક્રમના માળખામાં જ ચાલુ કરવામા આવ્યા છે. ઈ.અ. હવ તમન ઘર બુલાવવા જવાની જરૂર પડસ નહિ. તેમની રસનાં વિષયોનો ઉમેરો થતા તેઓ હોંસે હોંસે હાજરી આપતા થઈ જશે. નવા વિષયો સીવણ-ભરત-ગુંથણ-ગૃહવિજ્ઞાન-કોમ્પ્યુટર-ટાઈપરાઈટીગ-ઈલેકટ્રોનીકસ. જે તેમના સંસારિક જીવનમાં ખુબ જ ઉપયોગી છે. એ આનંદની વાત છે કે આપણી જ શાળામાં શીખેલી કેટલીક બહેનો આપણી જ શાળામા શિક્ષણ કાર્ય કરી રહી છે.

આપણા યુવાનોનો પ્રવાહ રોજી, રોટીની શોધમાં મીડાલઈસ્ટ-કેનેડા-યુ.કે.-અમેરિકા-આફ્રીકા થતા તેમને ત્યાં ઈગ્લીશની જાણકારી વિના જે મુશ્કેલી અને તકલીફોનો અનુભવ થાય છે. તેને લક્ષમાં લઈ ઈગ્લીશ મીડીયમ સ્કુલનું સાહસ જે કર્યું. તે વ્યાજબી સાબેત થાય છે. **આ ઈગ્લીશ મીડીયમ સ્કુલ એ આપણા વિભાગમાં પહેલી જ છે. એ પણ આપણી એક વિશિષ્ટ છે.** બીજી શાળાઓ એનું અનુકરણ કરવા વિચારી રહી છે. શરૂઆતમાં આપણને આ કલાસો માટે સંખ્યાની મુશ્કેલી હતી. જેના કારણે આસપાસના ગામોમાંથી વિદ્યાર્થીઓને લાવવા લઈ જવાની સહુલીયતની વ્યવસ્થા માટે આપણે બસોની જોગવાઈ કરી હતી. વાહનવ્યવહારનો ખર્ચો બહારગામના વિદ્યાર્થીઓ આપતા હતા. એ કોઈ ખોટનો ધંધો ન હતો. આજે એ સમય આવ્યો છે કે આપણાં ગામના જ વિદ્યાર્થીઓ હોંસે હોંસે ઈગ્લીશ મીડીયમ સ્કુલમાં દાખલ થઈ રહ્યા છે. આજે નર્સરી - કે.જી.ની કુલ સંખ્યા ૧૧૫ છે. તેમાં કઠોરના વિદ્યાર્થીઓની સંખ્યા ૪૮ છે. ઈગ્લીશ મીડીયમ સ્કુલમાં સરકારી ગ્રાંટ મળતી નથી. જેથી વિદ્યાર્થીઓ પાસે ફી લેવામાં આવે છે. વાતો સંભળાય છે કે ટુંક સમયમાં ઈગ્લીશ મીડીયમ સ્કુલો પણ સરાકારી ગ્રાન્ટેબલ થઈ જશે પછી સંખ્યાનો પ્રોબ્લેમ જ રહેવાનો નથી.

એ સિવાય મદ્રેસાના કોઈપણ શિક્ષણ વિભાગમાં કોઈ જ ફી લેવામાં આવતી નથી. બધુ જ શિક્ષણ મફત આપવામાં આવે છે. ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓને ચોપડા-યુનિફોર્મ-પરિક્ષા ફી પણ શાળા તરફથી આપવામાં આવે છે.

આપણા ખુશનસીબે જીદાની ઈસ્લામિક ડેવલપમેંટ બેન્કે **"ગર્લ્સ હોસ્ટેલ કમ વોકેશનલ ટ્રેનીંગ સેંટર"** માટે આપણને શાહી મદદ કરી. જેના પ્રતાપે આપણને પાંચ આધુનિક સુવિધાવાળા મકાનોની ભેટ મળી છે. તેમાં ટેકનીકલના વિષયો જેવા કે સીવણ-ભરત-ગુંથણ-ગૃહવિજ્ઞાન-કોમ્પ્યુટર-ટાઈપરાઈટીગ-ઈલેકટ્રોનિકસના કલાસો ચાલુ થઈ ગયા છે. એ આપણી શાળાનું ગૌરવ વધારનારા છે.

૧૦૦ છોકરઓની સુવિધાવાળી હોસ્ટેલ એ ગુજરાતભરમાં એક અનોખી હોસ્ટેલ છે. જેમાં સમગ્ર ગુજરાતની શિક્ષણમાં રસ લેતી વિદ્યાર્થીનીઓ માટેનું સુંદર આકર્ષણ છે.

ગૃહવિજ્ઞાનના વિષયો ભાગ્યે જ કોઈ સ્વતંત્ર મુસ્લિમ ગર્લ્સ હાઈસ્કૂલમાં શીખવવામાં આવતા હસે, આ પણ શાળાનું એક આકર્ષણ છે. હોસ્ટેલનું વાતાવરણ ઈસ્લામી છે. નમાઝ-દીની તાલીમની વ્યવસ્થા છે.

એક સમયે અમારો મદ્રેસો દીની તાલીમનું મર્કઝ હતું. સમય જતાં તે પ્રાથમિક તાલીમની કક્ષાએ આવી ગયું હતું. ખુદાના ફઝલો કરમથી અને હાજી ઈબ્રાહીમ ઈસ્હાક સાહબની તનતોડ કોશીશો અને તવજ્જોથી પાયાની દીનીતાલીમને સુવ્યવસ્થિત - યોજનાપૂર્વક સરળતાથી "નૂરાની કાયદા"ની પદ્ધતિથી સહી મખારી જ અને તજવીદની સાથે કુર્આનેકરીમને પઢી શકાય એ પદ્ધતિ દાખલ કરી. ખુદાનો શુક્ર છે કે એનો નતીજો સારો આવ્યો. હજી કસર છે. ઈ.અ.એ પણ સુધરી જસે.

એનો યશ હાજી ઈબ્રાહીમ ઈસ્હાક સાહબને ફાળે જાય છે. ખુદા એમને સજરે અઝીમ અતા કરે આમીન.

અમારી શાળામાં બોર્ડની પરિક્ષાના અનેક કેન્દ્રો છે. જેવા કે હીન્દીની પરિક્ષા - હાયર સેંકન્ડરી - અસ.એસ.સી. - ચિત્રકામ - અંગ્રેજી - નવોદય વિદ્યાલય.

હજી અમારી શાળામાં કેટલાક સુવિધા ખુટે છે. દા.ત., પ્રાથમિક શાળાનું એક જ મકાન છે. જેથી શીફ્ત સીસ્ટમથી શિક્ષણ થાય છે. લેબોટરીનો અભાવ છે. સુસજ્જ લાઈબ્રેરી નથી. મલ્ટીપરાજ઼ એસેમ્બલી હોલની ખાસ જરૂરત છે. ખુદાથી ઉમ્મીદ છે ક અમારી

જરૂરત પણ ઈ.અ. પુરી થશે.

અમારા અરમાનો તો ઘણાં ઉંચા છે. હજી ઘણું ઘણું કરવાના સ્વપ્ના જોઈ રહ્યા છીએ. અલ્લાહપાકની નુસરત અને મદદના મોહનાજ છીએ. ખુદા અમારી ઉમ્મીદો પુરી કરવામાં મદદ કરે, આમીન.

મારા જેવા જઈફ કમજોરનું આગજ્ઞુ નથી. મારા સહકાર્યા કરો શાળાના આચાર્યો - શિક્ષકગણ અને શાળા પરિવાર અને નામી અનામી સર્વનો દીલી આભાર માનું છું. ડૉ. ભીખુભાઈ એન. પટેલ નિવૃત્ત આચાર્ય ગંગાધરા હાઈસ્કૂલ - છેલ્લા ૧૫ વર્ષોથી એકધારી વહીવટી અને શૈક્ષણિક કાર્યોમાં નિષ્ઠાપૂર્વક આઈ.ડી.બી. પ્રોજેકટ અને સંસ્થાના વિકાસમાં માર્ગદર્શન-સલાહ સૂચનો આપતા રહે છે. તેમનો આભાર વ્યકત નહિ કરું તો નગુણો કહેવાય. ડૉ. ભીખુભાઈનો ખુબ ખુબ આભાર, સૌનો આભાર.

યા અલ્લાહ ! આ તારો જ કરિશ્મો છે. તું જ એને કામિયાબ બનાવ. આમીન.

ક્ષમા યાચના : માણસ માત્ર ભુલને પાત્ર છે. આ લખાણમાં કંઈ ક્ષતિ રહી ગઈ હોય કે કોઈનું નામ રહી ગયું હોય તો તે ઉદાર દીલે માફ કરે.

*(ડૉ) એમ. ઈ. કાઝી*
*પ્રમુખ*
*મદ્રેસએ અન્જુમને ઈસ્લામ કઠોર*

# 'ઓનરરી સેક્રેટરી ની નજરે'

છેલ્લા કેટલાક વર્ષોથી મદ્રેસાનાં ઓન સેક્રેટરી તરીકે કોમની ખિદમત કરવાની મને તક મળી છે. તે બદલ સૌ પ્રથમ હું અલ્લાહનો શુક્ર ગુજારૂ છું. અને આપ સૌનો અહેસાનમંદ છું. અલ્લાહની મહેરબાની થી અને આપ સૌનાં સાથ સહકારથી છેલ્લા કેટલાંક વર્ષોમાં સંસ્થાએ સારી એવી પ્રગતિ કરી છે. જે અંગેની વિગતો આ સૂવેનિયરમાં અન્યત્ર લખાણોમાં જોવાં મળે છે.

આ તકે સંસ્થા વિષેની કેટલીક બાબતો હું આપ સૌ સમક્ષ રજુ કરું છું. તોતે અસ્થાને નહી ગણાય, પરંતુ સંસ્થાનાં હિતની હોઈ આવકાર્ય ગણાશે.

મદ્રેસા અંજુમને ઈસ્લામ કઠોરનાં બુઝુર્ગ નેક દિલ સંસ્થાપકોએ શરૂથી જ ખુબ જહેમત ઉઠાવી સંસ્થાની સંગીન બુનિયાદ નાંખી. દેશ પરદેશમાં સખી દાતાઓનાં સાથ સહકારથી આવક્નાં સાધનો ઉભા કર્યા. મોરિશિયસમાં મકાનો ખરીદયા. આફ્રિકામાં હકકાની બિલ્ડીંગ ખરીદયું. ટ્રસ્ટ બનાવ્યું, અને કાયમી નિભાવની સુંદર વ્યવસ્થા ઉભી કરી. થનાર કુલ આવકની ઓછામાં ઓછી ૫૦ ટકા રકમ મદ્રેસા અંજુમને ઈસ્લામ કઠોરનાં મેનેજમેન્ટ પર નાતાલ કમિટિએ દર વર્ષે મોકલાવી તેવું ટ્રસ્ટ ડીડ છેક ૧૯૧૭ થીજ બનાવ્યું.

ફંડફાળા અને આવકો માંથી કઠોરનાં બજારમાં સંસ્થાનું મકાન તથા બોર્ડિંગ હાઉસ પણ બંધાવ્યા, જેમાં અગવડે, સગવડે, દિની તેમજ દુન્વયી તાલિમનું કામ છેક ૧૯૮૦ સુધી ચાલતુ રહયું. તે દરમ્યાન નાંનાં મોટા અવરોધા આવ્યાં. અને તે બધા માંથી સંસ્થા પાર થઈ આગળ વધતી રહી.

કેટલાંક મતમતાંતરોનાં કારણે જોઈએ કેટલું ધ્યાન શરૂથીજ દુન્વયી તાલિમ માંટે અપાયું નહિ. રીર્પોટો જોતા જણાંય છે જે આર્થિક તેમજ અન્ય કારણોસર કેટલીક સારી શરૂઆતો પણ અધ વચ્ચેથી છોડી દેવી પડી હતી. અલબત દીની તાલિમની સુવાષ દુર દુર સુધી ફેલાઈ સંસ્થાનો એ દીની તાલિમ માંટેનો ગૌરવવંતો કાળ હતો. કમનસીબે પાછળનાં વર્ષોમાં તેમાં ભારે ઓટ આવી. અને દીની તાલિમ માંપ્ર પ્રાથમિક તબકકા સુધી નીચે ઉતરી ગઈ. દારૂલ ઉલમ ઉભુ કરવાનાં સુનહેરી ખ્વાબ વેરવિખેર થઈ ગયા. તેમ છતાં બુઝુગોની દુઆઓના લીધે ફરીથી થયેલાં પ્રયાસોમાં સફળતાં મળવા લાગી, ધીમે ધીમે દીની તાલીમને વ્યવસ્થિત કરવામાં આવી. સાથે સાથે દુન્વયી તાસિમ પ્રત્યે પણ જરૂરી લક્ષ આપવાંનું મુનાસિબ સમજાયું. અને સંજોગો પણ સારા થતાં ગયા.

કથરાદાવાડીમાં ૧૯૭૧ માં મર્હુમ ડૉ. મુંલ્લા સાહેબનાં હસ્તે મકાન બાંધવાનો પાયો નંખાયો. ૧૯૮૦-૮૧ માંમકાન બંધાયું. અને ૧૯૮૧ માં આ મકાનમાં શિક્ષણ માંટેની સારી સગવડ ઉભી થઈ, અને આ સગવડ મળતાં સંસ્થા પણ દીની તેમજ દુન્વયી તાલિમની પ્રવૃત્તિઓમાં ઝડપથી આગળ વધવા લાગી. દીની તેમજ દુન્વયી તાલિમનું સમાંતરીય શૈક્ષણિક સંકુલ ઉભુ કરવાનો ખ્યાલ રંગ પકડવા લાગ્યો. ઉત્સાહપૂર્વક ચક્રો ગતિમાન થતાં ગયા. આયોજન થતુ ગયું. અમલ થતો ગયો. અને જેનાં પરિણામે અલહમ્દુલ્લિાહ આજે એક વિરાટ શૈક્ષણિક સંકુલ ઉભુ કરવામાં આપણે સારા એવા કામ્યાબ થયા છીએ. અને ઈન્શા અલ્લાહ વધુને વધુ કામ્યાબ થવા ઉમ્મિદ છે.

હું પોતે ઉચ્ચ શિક્ષણ લઈ શકયો નથી, પરંતુ કામ ધંધા અર્થે દુનિયાનાં ઘણાં દેશોમાં રહયો છું. એક વસ્તુ બરાબર સમજી છે આ જમાનામાં આપણાં છોકરાઓ અને છોકરીઓને દીની તેમજ દુન્વયી બંને તાલીમથી સજ્જ નહીં કરીશું તો આપણે કયાંયનાં રહીશું નહીં . હમણાં સુધી આપણી પાસે દીની તેમજ દુન્વયી તાલીમ માંટે પુરૂ માળખું તૈયાર ન હતું. છેલ્લા કેટલાંક વર્ષોની જહેમતથી આ કામ હવે લગભગ પુરુ થવા પર છે. અને એક માળખુ દીની તાલીમનું નુરાની કાયદા થી તજવીજ સાથે કાયદા સુધીની તાલીમનું ઉભુ કરી શકયા છીએ, જેનાં લીધે શહિહદીની પ્રથમિક તાલીમ સંગીન બુનિયાદી તાલીમ આપવાની સગવડ ઉભી થઈ શકી છે. એજ રીતે દુન્વયી તાલીમમાં કૌમની જરુરિયાત મુંજબ બાલવાડીથી ઉચ્ચત્તર માધ્યમિક શાળા સુધીનું ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવાની સગવડ પણ આપણે ઉભી કરી શકયા છીએ. ગર્લ્સ હાઈસ્કુલ તેમજ હવે ગર્લ્સ હોસ્ટેલ પણ આપણે ઉભી કરી શકયા છીએ, વોકેશનલ કોર્સીસની શરૂઆત રૂપે કોમ્પુયુટર સાયન્સ વગેરે કોર્સીસ શરૂ કરી રહયાં છીએ. આમ ઉગતી પેઢી બીજી કૌમોની સરખામણીમાં દેશ દેશાવરમાં ગૌરવભેર ઉભી રહી શકાશે. અને પોતાનુ જીવન વધારે બહેતર જીવી શકશે. ઈ, અ,.

દુઃખની વાત એટલીજ છે કે હજી પણ આપણે શિક્ષણનું મહત્વ જોઈએ એટલું આપતાં નથી. કેટલીકવાર તેનાં કારણે બિન જરૂરી અને ક્ષુલ્લક અવરોધો ઉભા થાય છે. અને પ્રગતિની ગતિ જાળવવાંમાં અડચણો આવે છે. અને ધાર્યા લક્ષયાંક ધારી ગતિથી મેળવી શકવાનું મુશકેલ બની જાય છે. માંરી કૌમને દર્દભરી અપીલ છે કે શિક્ષણનું દીની તેમજ દુન્વવી તાલીમનું મહત્વ સમજવું અને જે સગવડો ઉભી થઈ શકી છે તેનો સારી રીતે લાભ લઈ ઉગતી પેઢીને શિક્ષણ સજજ બનાવવાનાં કામને સૌથી અગત્યનું સમજવું. આમ થશે તો કૌમની કાયાપલટ થશે, અને કૌમની તરકકી થશે. ઈન્શા અલ્લાહ.

આપણાં દેશમાં શિક્ષણનું પ્રમાંણ ઓછુ છે, લગભગ ૩૫ ટકા તેમાંયે મુસલમાનોમાં શિક્ષણનું પ્રમાંણ ઘણુંજ ઓછુ છે, લગભગ ૧૦ ટકા તેમાં પણ છોકરી ઓનાં શિક્ષણનું પ્રમાંણ લગભગ ૩ ટકા જેટલુંજ છે, આ આંકડાઓ માંથી આપણે બોધપાઠ લેવાનો છે. આપણી પાંસે આજે મદ્રેસા જેવી સંસ્થાને લીધે ઉચ્ચત્તર શિક્ષણ સુધીની વ્યવસ્થાનું માળખુ અલ્લાહનાં ફઝલો ઉભુ થઈ શકયું છે. ત્યારે તેનો લાભ સારામાં સારી રીતે લેવો જોઈએ.

મદ્રેસાનાં મેનેજમેન્ટો કૌમની શિક્ષણની ઘણી લાભદાયી વાતો ધ્યાનમાં રાખીને અને દુરં દેશી વાપરીને કેટલાંક મહત્વનાં પગલાં છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં કેટલાંક અવરોધો પાર કરીને પણ લીધા છે. જે ઘણાં ઉપયોગી સાબિત થય છે, અને જેને આવનાંરા સમયમાં વધારે ને વધારે લાભદાયી બનનાર છે.

મદ્રેસા મેનેજમેન્ટે મુરબ્બી ડૉ. કાઝી સાહેબની વડપણ હેઠળ શિક્ષણની સગવડો વધારવાનું, વિકાસ કરવાનું, અને એક સંપુર્ણ સુગંઠિત માળખુ ઉભુ કરવાનું લગભગ ૧૫ વર્ષ પહેલાં નકકી કર્યુ ત્યારે એ કામ ખુબજ મુંશકેલ લાગતુ હતું. તેમ છતાં ક્રમે ક્રમેએક

પછી એક હાથ પર લીધેલ તમામ કામ ઉકેલાતા ગયા, અને કામ્યાબીઓ મળતી ગઈ. સ્વપ્ન સાકાર થયું. હજી ઘણાં કામો બાકી છે, હજી સંસ્થાને સંગીન સ્થિતિમાં પગભર કરવાનું કામ બાકી છે.

૧૯૭૭ માં આપણી પાસે એક પ્રાથમિક શાળા છોકરીઓ માટેની ધોરણ ૧ થી ૫ સુધીની એક પ્રાથમિક શાળા છોકરાઓ માટેની ધોરણ ૧ થી ૪ સુધીની, એક માધ્યમિક શાળા મિશ્ર ધોરણ,૫ થી ૧૦ સુધીની એક છોકરાઓની હોસ્ટેલ અને છોકરાઓ તથા છોકરાઓ માટેનો દીનીયાત વિભાગ જે જુનાં બજારમાં જુનાં મકાનમાં ચાલતાં હતાં. જેમાં લગભગ ૭૦૦ ની આસપાસ કુલ વિદ્યાર્થી સંખ્યા હતી. તે વખતે બે બાબતો ધ્યાન પર આવી, એક આપણી કૌમનં પુરેપુરા બાળકો આપણી શાળાઓમાં આવતાં ન હતાં, અને બીજું પરસ્પરનાં સાધારણ મતભેદ ઉભો થતાં હાઈસ્કુલ વિભાગ જેમાં ધોરણ ૮, ૯, ૧૦, નાં માંપ્ર એક એક ધોરણજ હતાં. અને જે કટોકટ સંખ્યા પર ચાલતા હતાં, તેમાંથી ૧૦, ૧૨, ની સંખ્યા પણ ઓછી થઈ જાયતો એકાદ વર્ગ તુટી પડે, અને હાઈસ્કુલ પડી ભાંગે. આવી પરિસ્થિતિનો ખતરો હતો. તેને તાકિદે કાયમી ધોરણે ઉકેલવાની જરૂર હતી, જે ઉકેલવા ધોરણ,૮ ૯, ૧૦,નાં ક્રમશઃ બે બે વર્ગ કરવાનું નકકી કર્યું, અનેબોર્ડિંગ હાઉસમાં સગવડો વધારી ઘટતી સંખ્યા મેળવી અને ગામ માથી પણ તેમજ આજુબાજુ નાં ગામોનો સંપર્ક કરી બસ પાંસ વગેરેની સગવડો આપી, સંખ્યામાં કાયમી ધોરણે જરૂરિયાત મુજંબ ક્રમશઃ વધારો કર્યો. જે દિશામાં અવિરત ગતિ ચાલુ રાખી નોંધપાત્ર પ્રગતિ કરી. હાઈસ્કુલનાં અહિતત્વ માટે જરૂરી વ્યવસ્થાની સાથે સાથે છોકરીઓ માટેની પ્રાથમિક શાળામાં બે ધોરણ,ધોરણ, ૬ અને ધોરણ, ૭ નો વધારો કરી ધોરણ. ૧ થી ૭ ની પૂર્ણ કદની પ્રાથમિક શાળા કરી, અને એજ રીતે છોકરાઓ માટેની પ્રાથમિક શાળામાં ધોરણ, ૬ અને ૭ વધારી અને પણ ધોરણ, ૧ થી ૭ ની પુર્ણકદની પ્રાથમિક શાળા કરી, આ કામ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધીમાં કર્યા.

આ દરમ્યાનમાં આપણી કૌમનું એક પણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે પૂર્ણ કદની પ્રાથમિક શાળાઓ ઉભી કરી અને સાથે સાથે માધ્યમિક શિક્ષણ : હાઈસ્કુલનાં શિક્ષણ : માટે આપણા બાળકો ઓછામાં ઓછા એસ. એસ. સી, સુધી પહોંચી શકે, અને અધવચ્ચેથી શાળા છોડી રખડતાં ન થાય તેવી આયોજનબધ્ધ નિતી અપનાવી જેનાં ઘણાં સારા ફાયદા જોવા મળ્યાં છે, ધોરણ, ૯ સુધી પહોંચી જનાંર બાળક જો આગળ ન ભણે તો આઈ. ટી. આઈ. અન્ય ટેકનીકલ સર્ટિફિકેટ કોર્સીસ ડ્રાઈવર મેકેનીક વગેરેનાં જોબ માટે લાયક બની ઉમેદવાર બની શક્વાની લાયકાત મેળવી શકે છે. દેશો જેવા કે ઈંગ્લેન્ડ, અમેરિકા, આફ્રિકા, કેનેડા, વગોરે નાં સંબંધો છે, અંગ્રજી ભાષાની તેનામાં સારી જેવી જાણકારી આપણી કૌમ માટે જરૂરી છે. આપણી ઉગતી પેઢીને અંગ્રજી નાં વહેવારૂ જ્ઞાન વગર ચાલવાનું નથીજ. આ બાબતનું મહત્વ સમજીને રાજય ભરનાં કેળવણી કારોનું એક સંમેલન બોલાવીને તેઓનાં વિચારો, સુચનો, અને સલાહો ધ્યાનમાં લઈને ૧૯૮૦-૮૧ માં ઈંગલીસ મિડીયમ સ્કુલ શરૂ કરવાનું નકકી કર્યું, અને નર્સરી, કે, જી, નાં કલાસીસ શરૂ કર્યા, જયાં ગુજરાતી માધ્યમમાં પણ શિક્ષણ મેળવવાનું મહત્વ આપણી કૌમમાં બરાબર સમજાયું નથી. ત્યા તાતકાલીક અંગ્રજી માધ્યમમાં શિક્ષણ મેળવવાનું મહત્વ તરતજ સમજાય જાય એવું હોતું નથી. તે ધ્યાનમાં રાખી આજુબાજુનાં ગામોમાંથી બાળકો મેળવવા ખાસ સગવડ તરીકે વાહનો વસાવ્યા, ક્રમશઃ વર્ગો વધારતાં ગયાં, અને આજે ઉચ્ચતર માધ્યમિક : હાયર સેકેન્ડરી : સુધી અંગેજી માધ્યમમાં શિક્ષણ આપવાની અનોખી સિધ્ધી પણ હાસિલ થઈ શકી, આ તકે એ જણાવવું જરૂરી સમજું છું કે આપણી કોમનાં બાળકો ઈંગલીસ મિડીયમ સ્કુલનો વધુને વધુ લાભ લે તે જરૂરી છે. ઓ તેઓના ફાયદામાં રહેશે. આ અગાઉ ગામમાં અન્યોએ કરેલું અગ્રેજી મિડીયમ સ્કુલનું શાહશ નિષ્ફળ ગયું હતું. જયારે આપણું સાહસ અલ્લાહની મહેરબાનીથી કામ્યાબ બન્યું.

જે રીતે આપણી કૌમનાં દીની તેમજ દુન્વયી તાલીમનાં સંકલિત મહત્વ અંગે અલગ અલગ પમત પ્રર્વતે છે. તે રીતે મિશ્ર શિક્ષણ અંગે પણ અલગ અલગ મત પ્રર્વતે છે. તેથી કન્યા કેળવણીમાં આપણે ઘણાજ પછાત રહયાં છીએ, માધ્યમિક સુધી પણ કન્યાઓ શિક્ષણ લેવા મિશ્ર શાળામાં આવતા અચકાવવાનાં કારણે આંકડાઓ તપસ્યા તોકન્યાઓ શિક્ષણની સ્થગિતતાં અને અધ વચ્ચેથી શાળા છોડી જવાનો ટકાવારી લગભગ ૮૭ ટકા જેટલી જણાય, આથી તાકિદે ગર્લ્સ હાઈસ્કુલ શરૂ કરવાનો નિર્ણય લઈ ખુબજ મુશકેલીએ પણ ગર્લ્સ હાઈસ્કુલ શરૂ કરી. અને લગભગ ૯૦ થી ૯૫ ટકા કન્યાઓ શિક્ષણ લેતી થઈગઈ તે મહત્વનું કામ થઈ શકયું. આપણે એ યાદ રાખવું જોઈએ કે એક શિક્ષીત માતા હજાર શિક્ષકની ગરજ સારી શકે છે. આજની છોકરીઓ આવતી કાલનાં આપણાં ઘરોની કીમતી મૂડી છે. ઘર ઘર તાલીમનો તેજનો ઝરીયો છે.

આજની પરિસ્થિતિમાં પ્રવેશ અંગેના જટિલ પ્રશ્નો છે; જે શાળા પૂર્ણ કદની એટલે જે બાલ વાડીથી ઉચ્ચત્તર માધ્યમિક સુધીની ન હોય તે શાળાનું પુરેપુરુ મહત્વ ટકતું નથી, એ હેતુ ધ્યાનમાં લઈ ભારે જહેમત વેઠી ઉચ્ચત્તર, માધ્યમિક વિભાગ શરૂ કરવાનું નકકી કર્યુ, કોમર્સ અને આર્ટનાં વિષયો વાળો સામાન્યપ્રવાહ પસંદ કરી ધોરણ. ૧૧, ૧૨, શરૂ કર્યા અને કોલેજનાં ડિગ્રી કક્ષાનાં ઉચ્ચ શિક્ષણ મેળવતાં પ્રવેશ ધ્વાર ખોલ્યો એ એક મોટી સિધ્ધી મળી શકી. ઉચ્ચશિક્ષણનાં પ્રવેશ ધ્વાર ખોલવાનાં લાભો આવનારા સમયમાં અનેકવિધ રીતેકૌમને મળનાર છે, એ નિશચીત છે, એને એનાથી કૌમમાં ઉચ્ચશિક્ષણનો વ્યાપ ઘણાં મોટા પ્રમાણમાં વધશે જે બહુંમૂલ્ય કામ્યાબી બની રહેશે, આપણું ધ્યેય આપણું દરેક બાળક કોઈને કોઈ સ્નાતક પદવી : ડીગ્રી : પાતાનાં નામ પાછળ લખી ભાગ્યશાળી બની રહે, એ મુજબનાં આયોજનનું છે.

મદ્રેસાની નાણાકિય સ્થિતિ અંગે સતાત ચિંતા રાખવાની અને સાથે સાથે જરૂરિયાત મુંજબ તમામ કામો બરાબર થતાં રહે અને નાણાના અભાવે પ્રગતિ નાં કોઈ કામ અટકી પડે નહી તે જોવાની જવાબદારી પણ સતત નિભાવવાની રહે છે, વારંવાર આજે છેલ્લા આંઠ મહિનાં પહેલાં પણ આ અંગે નાતાલ કમિટિને પણ કેટલાંક મુદાઓ શહિત સારી રીતે રજુઆત કરેલી છે, નાતાલ ખાતે આપણું ડેપ્યુરેસન ગયેલું ત્યારે સારી જેવી રકમ મળવા પામેલ તેમાંથી સારી જેવી રકમ હજી ત્યાંજ પડેલ છે, તેમળવા પામે તે બાબતે પણ લાગતા વળગતાને રજુઆત કરેલ છે. દેશ વિદેશમાં કલેકશન કરવા બાબતે પણ વિચારણાં હેઠળ છે, આ દરમ્યાન આઈ, ડી, બી, : ઉસ્લામીક ડેવલપમેન્ટ બેક : જિદાહ તરફથી વોકેશનલ કોર્સીસ માટેનાં અધતન પ્રોજેકટ માંટે માતબર રકમનું દાન મેળવવા આપણે ભાગ્યશાળી થયા અને જેનાં પ્રતાપે એક વિશાળ સંકુલ ઉભુ કરી શકયા છીએ, એ એક કાયમી ખુબજ યાદગાર સમી નકકર હકીકત બની છે તે આપણા સૌ માટે ગૌરવની બીનાં છે,, લગભગ ૬૫ લાખ રૂપીયા જેટલી રકમ મેળવી, અને વિશાળ સંકુલ સમયસર ઉભુ

કરવું એ બધુ ફકત અલ્લાહની મહેરબાનીને કારણે થઈ શક્યું છે, એમ કહું તો જરાય અતિશયોકિત નથી. આ પ્રોજેકટ અમને મેળવી આપવાથી તેને પુરુ થવા સુધી અમને સતત સલાહ સુચન સાથે સહકાર આપનાર આઈ, ડી, બી, નાં માનનિય ડૉ. એ, યુ, શેખ ડૉ. હૈદરખાન, મી, ગુલાબ મોહમ્મદ, જનાબ શરફુદીન ડૉ. કાયદખાન વગેરે તમામ પદાધિકારી મહાનુભાવોનો અમે ઘણાં આભારી છીએ.

આપણા બાળકો સ્થાનિક તાલુકા જીલ્લા અને રાજય કક્ષાની સરકારી તેમજ બિન સરકારી વિવિધ શૈક્ષણિક સાંસ્કૃતીક રમત, ગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેતાં , અને યથાશકિત સિધ્ધીઓ મેળવતાં થયા છે. એ એક નોધનીય બાબત છે. એ દીશામાં ભવિષ્ય માટે સારી આશાઓ રાખી શકીએ એમ છીએ, શૈક્ષણિક સ્તરની કક્ષા અને સ્તરમાંપરિણામોની દૃષ્ટિએ પણ છેલ્લા કેટલાંક વર્ષોમાં માળખું ઉભુ કરવાનું પાયાનું કામ થતું રહયું હોવા છતાં આગલા ઘણા વર્ષોની ટકાવારીનાં આંકમાં સરેરાશ ૧૦ ટકા જેટલો સિધ્ધીઆંક મેળવી જાળવી શક્યા છીએ, એ એક નોધપાત્ર હકીકત છે.

સંસ્થા આશ્રિત તમામ શૈક્ષણિક વિભાગો અંગે નામદાર સરકાર શ્રીનાં સુવિધાએ, શિક્ષણનું સ્તર, ઈતર શૈક્ષણિક પ્રવૃત્તિઓ અંગેનાં અભિપ્રાયો સારા રહયાં છે. એ આપણાં સૌ માંટે ખાસ ગૌરવની વાત છે.

જે કાંઈ થઈ શકયું છે એ કૌમની ભલાઈ માટે નકકર કામ થયું છે, આપ સૌ શુભેચ્છકોનાં સહકારથી થઈ શકયું છે,

આ તકે હું ખાસ કરીને સંસ્થાનો પ્રમુખ મુરબ્બી ડો. એમ, ઈ, કાઝી સાહેબનો તેમનાં કીમંતી સાથ સહકાર બદલ તેમજ આચાર્યશ્રી હાસિમભાઈ સુરતીનો કૌમનું દર્દ દીલમાં રાખી પોતાની ફરજો નિષ્ઠા પુર્વક શાંત સ્વભાવે બજાવવા બદલ અને મેનેજિંગ કમિટિનાં મારા તમામ સહકાર્યકરોનો તેઓનાં સહકાર સહાય બદલ આભાર માનવો જરૂરી સમજું છું. જે કાંઈ થઈ શકયું છે તેમાં તઓના મહત્વનો ફાળો છે.

ઈલ્મની કોઈ હદ નથી. હજુ ઘણું કામ બાકી છે, કેટલાંક આયોજન ઘડવાનાં છે, અલ્લાહ ચાહશે તો હજી ઘણાં કામો પાર પાડશે. અને કૌમમાં ઉગતી પેઢીનાં સુંદર ઘડતર માટેનું એક ભવ્ય પ્લેટફોર્મ તૈયાર થઈ રહેશે. જે કૌમની આબાદી માટેની ક્રાંતિકારી કાયાપલટ કરવાનું એક મુખ્ય સાધન બની રહેશે.ઈન્શા અલ્લાહ-

મારાથી કોઈ પણ પ્રકારે કોઈનું પણ દીલ દુભાયું હોય તેઓ દર ગુજર કરશે એવી ઉમ્મીદ સાથે વિરમું છું.

નાચીઝ

અહમદગોરા ગુલામ મોંહમદપટેલ

**ઓન. સેક્રેટરી**

**'મદ્રેસાએ અંજુમને ઈસ્લામ'** કઠોર

# મદ્રેસએ અંજુમને ઈસ્લામ કઠોર

## સંસ્થાકિય સંક્ષિપ્ત પરિચય

સ્થાપના વર્ષ :- હિજરી સન ૧૩૦૭, ઈ.સ.૧૮૮૯

પ્રાસ્તાવિક :-

હિજરી સન ૧૩૦૭ અને ઈ.સ.૧૮૮૯ પહેલા કઠોરમાં દીની તાલિમ માટે કોઈ કાયદેસરનો મદ્રેસા કે મકતબ ન હતો. પરંપરાગત રીતે ઘર ઘર દીની તાલીમ શિખવ્વાનો પોતાની ઢબની પ્રથા હતી. એવામાં ૧૩૦૭ હિજરીમાં એક ખુદા રશીદા બુઝુર્ગ સરહદપ્રાંત વાયા બિહારથી ફરતા ફરતા કઠોરમાં આવી પહોંચ્યા. તેમનું મુબારક નામ હ. મવ. અબ્દુલ હકક રહ. હતું. તેઓ આલિમે બા અમલ અને બુલંદ રૂહાની વ્યકિતત્વના માલિક હતા. કઠોર ખાતેના મુકામમાં તેમની ફેયજયાબ ઈલ્મી મજલિસોનો દૌર દિન બદિન અસરકારક રીતે વધવા લાગ્યો. આ મિજલિસોમાં હાજર રહેનારાઓની સંખ્યા દિન બદિન વધવા લાગી. કઠોરના અગ્રગણ્ય ઈલ્મોફનના ચાહક અને બુઝુર્ગોની સોહબતના અશિક શેઠ મોહંમદ યુસુફ વાવડા ભાણાભાઈ આ મજલિસોમાં નિયમિત હાજુર રહેતા અને હઝરતની કુર્આન અને હદીસોની રોશનીમાં દીની તાલીમની ફઝીલત અને અહમિયતની અસરકારક બયાનખ્વાનીથી મક્તબ મદ્રેસાની જરૂરિયાત વિષે ખુબ જ પ્રભાવિત થયા. પોતાના દોસ્ત બિરાદરો અને સાથીઓ સાથે સલાહ મશ્વિરો કરી કઠોરમાં મદ્રેસો શરૂ કરવાનો નેક અને બુલંદ ઈરાદો કર્યો.

સ્થાપના અને મકસદ :-

જેના પરિણામે હઝરત મવલાના અબ્દુલ હકક રહ.ની પુર ખુલુસ દુઆઓથી પરબની મસ્જિદમાં હીજરી સન ૧૩૦૭ માં **મદ્રેસા અંજુમને ઈસ્લામ કઠોરની** બા-કાયદા બુનિયાદ નંખાઈ. મદ્રેસએ અંજુમને ઈસ્લામ કઠોરની બુનિયાદ નાખવાના નીચે મુજબ મકસદ નકકી કરવામાં આવ્યા.

(૧) કોમને દીનિ અને દુન્યવી તાલિમનો ફાયદો પહોંચાડવો.

(૨) ગરીબ યતીમ બાળકો માટે બોર્ડીંગ ચાલુ કરવી.

(૩) દીનિ અને દુન્યવી તાલિમ માટે ગરીબ અને હાજતમંદ બાળકોને મદદ કરવી વગેરે.

આ તે સમય હતો, જયારે કઠોર કસ્બો ગાયકવાડી રાજયમાં હતો અને ગાયકવાડી રાજયમાં તે વખતના ધો૧ થી ધો.૪ સુધીનું શિક્ષણ ફરજિયાત હતું. જેનો લાભ કઠોરને મળતો જ હતો. મદ્રેસાએ દીનિ-તાલીમ પર ખુસુસી ધ્યાન આપ્યું. હઝરતના કુર્આનની તફસીર અને હદીસ ની ઉચ્ચ કોટિના ઈલ્મ છણાવટની સુવાસ જોત જોતામાં આસપાસ અને દુર દુરના વિસ્તાર સુધી ફેલાઈ ગઈ. તેથી આસપાસના તેમજ દૂર દૂરના વિસ્તારથી ઈલ્મ માટેના પરવાનાઓ આ મદ્રેસામાં આવવા લાગ્યા. જેઓની રહેવાની વ્યવસ્થા મસ્જિદોમાં કરવામાં આવતી અને ગામ લોકો જમવાની સગવડ કરી આપતા. તાલિબે ઈલ્મોની જરૂરી સલાહિયત પ્રમાણે સનદી કિતાબો અને અન્ય તાલિમ આપવામાં આવતી હતી. સંકલિત રિપોર્ટો મુજબ બુખારી શરીફ-શરહે વિકાયા, ફારસસી, ગુજરાતી આંક-અપૂર્ણાંક, ત્રિરાશિ વગેરે જરૂરી શિક્ષણ સઘન રીતે આપવામાં આવતું હતું. ખાસ કરીને કુર્આન-શરીફ તરજૂમા સહિત પઢાવ્વામ્પાં આવતું હતું.

મુખ્લિસ કાર્યકરોની પ્રારંભિક જહેમત :-

ભાણાભાઈ શેઠની ઈબિતદાઈ જહેમત અને જોસ જલ્દીથી રંગ લાવી અને મોલમીનવાળા શેઠ મિયાંઅહમદ વાવડા, કલકત્તાવાળા શેઠ મુસાજી સાલેહજી, શેઠ અહમદ મુસાજી હરીફ ત્થા શેઠ હાજી મુસાજી ટીમોલનો એમને સુંદર સાથ સહકાર મળ્યો અને મદ્રેસો ઝડપથી તરકકી કરવા લાગ્યો.

ભાણાભાઈ શેઠ મોરીસ જતા કલકત્તા ગયા ત્યાં શેઠ મુસાજી સાલેહજી સાહબે પોતાના તરફથી રૂપિયા ત્રણ હજાર અને બીજા દાતાઓ પાસેથી ઉઘરાવેલા રૂપિયા નવસો એકસઠ મળી કુલ રૂપિયા ત્રણ હજાર નવસો એકસઠ ભાણાભાઈ શેઠને આપ્યા. ભાણાભાઈ શેઠે તે રકમમાં પોતાના તરફથી એક હજાર ઓગણચાલીસ રૂપિયા ઉમેરી રૂપિયા પાંચ હજારનું એક મકાન મેરીસિયશમાં મદ્રેસાના નામથી ખરીદયું. આફ્રિકામાં વસતા કઠોરવાસીઓએ ઉઘરાણું કરી એકત્ર થયેલી રકમ ભાણાભાઈ શેઠ પર મોકલી. તેમાં ભાણાભાઈ શેઠે પોતાના તરફથી રૂપિયા ચારસો સાઠ ઉમેરી મદ્રેસાના નામથી બીજું મકાન મોરિસીયસમાં ખરીદયું. આ રીતે મદ્રેસા માટે આવક ઉભી કરી.

હઝરત મવલાના અબ્દુલ હકક રહ, ઈ.સ. ૧૯૦૧ માં ગુજરી ગયા. પરંતુ તેમણે નાંખેલી બુનિયાદ નકકર હતી. તેથી તેમની વફાત પછી પણ મદ્રેસાની તાલિમી કુચ અવિરત ચાલુ રહી. મવ, રહેમતુલ્લાહ સાહેબ, મવ.અબ્દુલ-જબ્બાર સાહેબ, મવ. મુંબીનુંલ હકક સાહેબ, મવ, અહમદ વાંહેદ સાહેબ વગેરે હોનહાર આલિમોની પુરી કોશિશોથી મદ્રેસા એ અંજૂમને - ઈસ્લામ - કઠોર ગુજરાતભરમાં જામીઆહ - અશરફીયાહ - રાંદેરની સમકક્ષ ગણાવા લાગ્યો અને દિન-બદિન એની નામના વધતી ગઈ. આ મદ્રેસાની લાયબ્રેરી એક અણમોલ નજરાણું હતી. જેમાં ઘંણી નાંયાબ ઉમદા કિતાબો સામેલ હતી, જેનો ફયઝ આમ હતો.

મદ્રેશાની પગથિયાવાર તવારીખ અને તરકકીની વિગત-સંક્ષિપ્તમાં :-

**૧૯૧૨-૧૩** :- જુદા જુદા દેશોમાં મદ્રેસાના અધિકૃત પ્રતિનિધિઓ નિમવામાં આવ્યા. જેઓને મદ્રેસા માટે આવક અને નિભાવના સાધનો ઉભા કરવાનું કામ સોંપાયું. જેમ કે આફ્રિકામાં ડરબન ખાતે શેઠ ઈસ્માઈલ મોહમદ પારખ સા. હતા. અગાઉના વરસોથી ગુજરાતી કલાસો છોકરાંઓ ત્થા છોકરીઓ માટે પણ ચાલતા હતા.

અંગ્રેજીના ક્લાસો પણ ધો.૩ સુધી ચાલતા હતા.

પ્રિન્ટીંગ પ્રેસ પણ ચાલતું હતું

આર્થિક મુશ્કેલીઓ ઉભી થવાથી અંગ્રેજીના કલાસો બંધ કરવા પડયા. છોકરાઓની સંખ્યા ઓછી થતા ધો.૫ અને ધો.૬ બંધ કરવા પડયા. પ્રિન્ટીંગ પ્રેસ પણ બંધ કરવું પડયું.

દીનિ-તાલિમનું સ્તર નીચું ગયું. ફક્ત અરબી, ફારસી સાથે નાઝરા, કુરાન શરીફ અને દીનિયાતની તાલિમ રહી ગઈ.

**૧૯૧૪-૧૫** :- છોકરાઓની સંખ્યા વધવાથી પરબની મસ્જિદનું ભાડાનું મકાન નાનું પડવા લાગ્યું. તેથી મેહફીલે ઝીનતુલ-ઈસ્લામની કારોબારીએ મદ્રેસા અને બોર્ડીંગ માટે મકાનો બનાવ્વાનો ઠરાવ કર્યો, તે મુજબ મેહફિલે ઝીનતુલ ઈસ્લામના મકાનની જોડેના ઈલાહી-મસ્જિદના જુના મકાનો તોડી ત્યાં મદ્રેસા માટે મકાન બનાવ્વાનું નકકી કર્યું.

ઉઘરાણા માટે શેઠ હાજી સુલેમાન મોહમદ ટીમોલ સાહબ શેઠ હાજી દાવજી મોહમદ ભૈયાત સા. વગેરેની એક કમિટી બનાવવામાં આવી.

તેઓએ પહેલા ક્ઠોર અને આસપાસના વિસ્તારમાં ઉઘરાણું કર્યું.

પછી તેઓ કલકત્તા ગયા ત્યાં શેઠ ઈબ્રાહીમ સુલેમાન સાલેહજી ત્થા શેઠ અહમદ મુસાજી સાલેહજીના સાથ સહકારથી ચંદો કર્યો.

કલકત્તાથી તેઓ રંગૂન ગયા. ત્યાં શેઠ હાજી ઈસ્માઈલ મોહમદી, શેઠ અહમદ મોહંમદી, શેઠ અહમદ મોહંમદ વોરાજી ત્થા શેઠ હાજી સુલેમાન દાદાભાઈ વગેરે સાહેબોની મદદથી ઉઘરાણું કર્યું. તે પછી તેઓ આફ્રીકા ગયા. જયાં તેમને શેઠ હાજી મોહંમદ યુસુફ ટીમોલ ત્થા શેઠ હાજી અહમદ સાલેહજી જાદવત અને શેઠ ઈબ્રાહીમ સુલેમાન વાવડા સાહેબોની મદદથી સારું ઉઘરાણું કર્યું.

**૧૯૧૬** :- મદ્રેસા અને બોડીંગના મકનો રૂપિયા ૧૪,૯૯૩ના ખર્ચે તૈયાર થઈ ગયા. અલહમ્દુલિલ્લાહ આ એક મહત્વની કામ્યાબી હતી. ઈલાહી-મસ્જીદ સાથે એવો કરાર થયો કે મકાનના ઉપરના માળની સ્વતંત્ર માલિકી મદ્રેસાની રહેસે અને નીચેના રૂમો ઈલાહી-મસ્જીદના રહેશે. જયારે બોર્ડીંગની સ્વતંત્ર માલિકી મદ્રેસાની રહેસે.

**૧૯૧૭** :- ૧૯૧૭ ના બપોરે ૩=૦૦ કલાકે શેઠ ઈસ્માઈલ મોહંમદ પારખ સા.નાં મકાન પર આફ્રીકાના કઠોરવાસીઓની જનરલ મિટીંગ મળી. જેમાં આફ્રિકામાં ઉઘરાવાયેલા ફંડ ફાળાની વ્યવસ્થા કરવા બાબત વિચારણા કરવામાં આવી. ચર્ચા-વિચારણાને અંતે મદ્રેસાએ અંજુમને ઈસ્લામ કઠોરના કાયમી આવક અને નિભાવ માટે ડરબનમાં એક મકાન ખરીદવાનું સર્વાનુમતે નકકી થયું. એક ટ્રસ્ટી મંડળ બનાવવામાં આવ્યું. જેમાં નીચેના ટ્રસ્ટીઓ નિમવામાં આવ્યા.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| (૧) | શેઠ ઈસ્માઈલ મોહમદ પારખ | ચેરમેન |
| (૨) | શેઠ ઈસુપ અમજી મુલ્લા | વાઈસ-ચેરમેન |
| (૩) | શેઠ અહમદ મોહમંદ શેખ | ટ્રેઝરર |
| (૪) | શેઠ અહમદ મમુજી મુસા લોખાત | સેક્રેટરી |
| (૫) | શેઠ મોહમદ હાજી સાલેહ રાંદેરી | સભ્ય |
| (૬) | શેઠ દાવજી મોહમંદ સીદાત | સભ્ય |
| (૭) | શેઠ અહમદ મોહમદ ઉમર | સભ્ય |
| (૮) | શેઠ અહમદ મોહમદ મોતાલા | સભ્ય |
| (૯) | શેઠ કાસમ સુલેમાન વાવડા | સભ્ય |
| (૧૦) | શેઠ ઈબ્રાહીમ સુલેમાન વાવડા | સભ્ય |
| (૧૧) | શેઠ મોહમદ અહમદ મેતર | સભ્ય |
| (૧૨) | શેઠ મોહમદ ઈબ્રાહીમ અસ્માલ | સભ્ય |
| (૧૩) | શેઠ હાજી અમજી સુલેમાન કડવા | સભ્ય |
| (૧૪) | શેઠ મુસેજી સુલેમાન મુલ્લા | સભ્ય |

આ ટ્રસ્ટ મંડળનું નામ કઠોર **મદ્રેસએ અંજુમને ઈસ્લામ ઈન નાટાલ કમિટી** રાખવામાં આવ્યું.

હકકાની બિલ્ડીગ :- ઉઘરાણાની રકમમાંથી **"હકકાની-બિલ્ડીંગ"** ખરીદવામાં આવી.

**૧૯૧૮** :- ધો.૫ ત્થા ધો.૬ ના વર્ગો ફરીથી શરૂ કરવામાં આવ્યા.

અંગ્રેજીનું શિક્ષણ પણ ફરીથી શરૂ કરવામાં આવ્યું.

**૧૯૩૩** :- આર્થિક સ્થિતિ નબળી પડવાથી ધો.૫-૬ ના વર્ગો ફરી બંધ કર્યા. અંગ્રેજીના ધો.૧-૨ ના વર્ગો પણ બંધ કર્યા.

**૧૯૩૭** :- અંગ્રેજીના "નાઈટ કલાસ" શરૂ કર્યા. આ વર્ગો રજીસ્ટર્ડ પણ કરવામાં આવ્યા.

**૧૯૩૮-૩૯** :- મદ્રેસાની સ્પેશ્યલ જનરલ મિટીંગમાં "નાઈટ ક્લાસીસ" ચાલુ રાખવાનું નકકી થયું. રિફોર્મ-કમિટીએ મદ્રેસાની કાર્યવાહીમાં જરૂરી સુધારા-વધારા કરી રિફોર્મ સ્કીમ બનાવ્વી એવું પણ નકકી થયું.

**૧૯૪૦-૪૧** :- રિફોર્મ કમિટીએ પોતાની રિફોર્મ સ્કીમ જાહેર કરી, જેમાં ખર્ચ ઘટાડવા ગુજરાતી-કલાસીસ બંધ કરી બાળકોને સરકારી-ગુજરાતી શાળામાં મોકલવાનું સૂચવવામાં આવ્યું. જેનો બુઝુર્ગોએ સખ્ત વિરોધ કર્યો. પરિણામે પરબની મસ્જીદના માળ પર નવો

મદ્રેસો ચાલુ થયો. વિખવાદ વધ્યો. આ સમસ્યા હલ કરવા મૂળ કઠોરવાસી પણ રાંદેરમાં વસ્તા શેઠ હાજી અહમદ યુસુફ બોટાવાલા સાહબને લવાદ નીમ્યા. તેઓએ ફેસલો આપ્યો. જે બધાએ સ્વીકાર્યો અને વિવાદ શમ્યો.

બોટાવાલા એવોર્ડ :-

૧૯૪૫ :- ઠરાવ નંબર ૫૩૧ થી કઠોરમાં ઈસ્લામીયા કોલેજ સ્થાપવાનો ઠરાવ કરવામાં આવ્યો. તેના ફંડ ફાળા માટે ૧૧ માણસોની એક કમિટી નિમવામાં આવી.

૧૯૪૭ :- ધો.૮ શરૂ કર્યું.

૧૯૫૦ :- કન્યા-શાળામાં સિવણ ભરત-ગૂંથણના વર્ગો ચાલુ કર્યા.

૧૯૫૮ :- જનરલ-મિટીંગના ઠરાવ નં.૪૩૨ થી જુના બંધારણમાં સુધારો કરવામાં આવ્યો.

૧૯૫૯ :- ધો.૯ મું શરૂ કર્યું.

૧૯૬૦ :- ધો.૧૦ મું શરૂ કર્યું.

૧૯૬૧ :- ધો.૧૧ (મેટ્રીક ઓલ્ડ એસ.એસ.સી.) શરૂ કર્યું.

વિદ્યાર્થી સંખ્યાની વિગત

| | | |
|---|---|---|
| (૧) | કુમાર શાળા ધો.૧ થી ૪ | ૧૬૨ વિદ્યાર્થીઓ |
| (૨) | ઝનાના શાળા ધો.૧ થી ૫ | ૧૪૪ વિદ્યાર્થીઓ |
| (૩) | હાઈસ્કૂલ ધો.૫ થી ૧૧ | ૨૦૦ વિદ્યાર્થીઓ |
| | કુલ | ૫૦૬ |

૧૯૭૦ :- વિદ્યાર્થીની સંખ્યાની વિગત

| | | |
|---|---|---|
| (૧) | કુમાર શાળા ધો.૧ થી ૪ | ૧૮૩ વિદ્યાર્થીઓ |
| (૨) | ઝનાના શાળા ધો.૧ થી ૫ | ૧૬૫ વિદ્યાર્થીઓ |
| (૩) | હાઈસ્કૂલ ધો.૫ થી ૧૧ | ૨૬૨ વિદ્યાર્થીઓ |
| | કુલ | ૬૧૦ |

૧૯૭૧ :- કથરાદા વાડીમાં નવા મકાનનો પાયો નાંખવામાં આવ્યો.

૧૯૭૮-૭૯ :- વિદ્યાર્થીઓની વિગત

| | | |
|---|---|---|
| (૧) | કુમાર શાળા ધો.૧ થી ૪ | ૧૯૦ વિદ્યાર્થીઓ |
| (૨) | ઝનાના શાળા ધો.૧ થી ૫ | ૨૨૦ વિદ્યાર્થીઓ |
| (૩) | હાઈસ્કૂલ ધો.૫ થી ૧૧ | ૨૮૩ વિદ્યાર્થીઓ |
| | કુલ | ૬૯૩ |

૧૯૭૯-૮૦ :- વિદ્યાર્થીની સંખ્યા

| | | |
|---|---|---|
| (૧) | કુમાર શાળા ધો.૧ થી ૪ | ૧૯૨ વિદ્યાર્થીઓ |
| (૨) | ઝનાના શાળા ધો.૧ થી ૫ | ૨૧૩ વિદ્યાર્થીઓ |
| (૩) | હાઈસ્કૂલ ધો.૫ થી ૧૦ | ૩૧૫ વિદ્યાર્થીઓ |
| | કુલ | ૭૨૦ |

૧૯૮૧ :- કથરાદા વાડીમાં નવું મકાન તૈયાર થયું છે. હાઈસ્કુલના વર્ગો ત્યાં લઈ જવામાં આવ્યા.
ઈંગ્લીશ મીડીયમ - નર્સરી - કે.જી.ના વર્ગો શરૂ કર્યા.

૧૯૮૨ :- ગર્લ્સ હાઈસ્કૂલ શરૂ કરી.

૧૯૮૬ :- વિદ્યાર્થીઓની વિગત

| | | |
|---|---|---|
| (૧) | કુમાર શાળા ધો.૧ થી ૭ | ૩૩૯ વિદ્યાર્થીઓ |
| (૨) | ઝનાના શાળા ધો.૧ થી ૭ | ૩૪૫ વિદ્યાર્થીઓ |
| (૩) | બાલવાડી | ૧૦૪ વિદ્યાર્થીઓ |
| (૪) | ગર્લ્સ હાઈસ્કૂલ | ૧૦૧ વિદ્યાર્થીઓ |
| (૫) | ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ | ૧૮૦ વિદ્યાર્થીઓ |
| (૬) | હાઈસ્કૂલ | ૨૦૦ વિદ્યાર્થીઓ |
| | કુલ | ૧૨૬૯ |

૧૯૮૭ :- બંધારણની નવી સ્કીમ મંજૂર થઈ. ઈસ્લામિક ડેવલપમેન્ટ બેંક (આઈ.ડી.બી.) જિદ્દાહ તરફથી ગર્લ્સ હોસ્ટેલ કમ વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરનો પ્રોજેકટ માટે માતબર દાન ૨,૬૩,૦૦૦/= અમેરીકન ડોલર્સ મંજુર થયા. પ્રાયમરી સ્કૂલનું મકાન તૈયાર થયું. કુમાર શાળા ત્યાં લઈ જવામાં આવી.

૧૯૮૯ :- ઉચ્ચતર - માધ્યમિક શાળા (હાયર સેકન્ડરી) શરૂ કરી.
ઈંગ્લીશ - મીડિયમ હાઈસ્કૂલ શરૂ કરી.

૧૯૯૦ :- કેરિયર કોર્નર શરૂ કર્યા.

૧૯૯૨ :- આઈ.ડી.બી. પ્રોજેકટ તૈયાર થયો.
ગર્લ્સ હોસ્ટેલ શરૂ કરી.
વોકેશનલ કોર્સીસ, કોમ્પ્યુટર, હોમ સાયન્સ વગેરે શરૂ થયા.
અન્ય વોકેશનલ કોર્સીસનું આયોજન તૈયાર.

મકાનોની વિગત :-

| | | | |
|---|---|---|---|
| (૧) | હાઈસ્કૂલ મકાન નંબર | ૩૫૧ | ૧ |
| (૨) | પ્રાયમરી સ્કૂલ મકાન નંબર | ૪૩૩ | ૨. |
| (૩) | આઈ.ડી.બી. પ્રોજેકટ નંબર | ૪૩૮ | ૩ થી ૭ |
| (૪) | છોકરાઓની બ ોડીંગનું મકાન | ૧૩૨. | ૮ |
| (૫) | મદ્રેસાનું જુનું મકાન | ૪૪૨ | ૯ |
| (૬) | દીનિયાત વિભાગનાં નવા ૬ રૂમો | ૧૩૫ | ૧૦ |
| | કુલ દસ મકાનો | | |

**ખાસ નોંધ** :- એક અદ્યતન એજ્યુકેશનલ કોમ્પલેક્ષ (શૈક્ષણિક-સંકુલ) તૈયાર થયું. ૧૯૯૩ અને આગળ ઉપર (ઈન્શાઅલ્લાહ) અલહમ્દુલિલ્લાહ.

ભાવિ-ઈરાદાઓ :-

(૧) વોકેશનલ કોર્સીસનું અદ્યતન કોમ્પલેક્ષ.

(૨) કોમ્યુનીટી હોલ.

(૩) સાયન્સ-વોકેશનલ સ્ટ્રીમ.

(૪) ઓપન યુનિવર્સિટી કોર્સીસ.

(૫) પી.ટી.સી. જનરલ એજ્યુકેશન કોલેજ

વિદ્યાર્થીઓની વિગત :-

| | |
|---|---|
| ઈંગ્લીશ મીડીયમ ધો૧ થી ૭ | ૩૫૧ |
| કુમાર શાળા ધો.૧ થી ૭ | ૪૩૩ |
| ઝનાના શાળા ધો.૧ થી ૭ | ૪૩૮ |
| ગર્લ્સ હાઈસ્કૂલ | ૧૩૨ |
| હાયર સેકન્ડરી | ૪૪૨ |
| બાલવાડી | ૧૩૫ |
| | ૧૬૬ |

# કસ્બે વહોરા કઠોર

સુરત શહેરની ઉત્તર પૂર્વમાં લગભગ ૧૭ કિલોમીટરના અંતરે તાપી નદીના ઉત્તર કિનારે આવેલા આ કસ્બાનું ગામ છે. પૂર્વમાં લગભગ ૧ કિલોમીટરના અંતરે નેશનલ હાઈવે નં.૮ છે. જે લગભગ ગામ સાથે જોડાઈ ગયો છે. પશ્ચિમે ૬ કિ.મી. પર વેસ્ટર્ન રેલવેનું સાયણ સ્ટેશન છે. દક્ષિણે તાપી નદીના કિનારે સામે પાર ખોલવડ ગામ આવેલું છે.

કઠોરનો વિકાસ થઈ રહ્યો છે. કસ્બો મટી એ નગર બની ગયું છે. ગામ પંચાયતમાંથી નગર પંચાયત બની ગઈ છે. હજી દિવસે દિવસે એનો વિકાસ થઈ રહ્યો છે. આજની ગણત્રી પ્રમાણે એની વસ્તી ૨૦ હજારની છેઅ.

પહેલા કઠોરવાસીઓ ખેડૂત હતા તેમજ ગામમાં ઘરેઘર સાળો હતી. હાથવણાટ અને રંગ ઠેકવાનો ગૃહઉદ્યોગ હતો. કઠોર તે સમયે વેપારનું મથક હતું. કઠોરવાસી ભાઈઓ કઠોરમાં બનેલી ખાદી - પોળીયા વગેરે લઈ કઠોરની આસપાસ અને ઠેઠ ખાનદેશ સુધી ગાડામાં કેટલા દિવસોની મુસાફરી કરી વેપાર કરવા જતા હતા. ત્યાંનો માલ લાવી કઠોરમાં વેચતા હતા. ગુજરાતમાં કાપડની મિલો થવાથી કઠોરનો ગૃહઉદ્યોગ પડી ભાંગ્યો.

કઠોરમાં સુન્ની વહોરાઓની વસ્તી અન્ય વહોરા વસ્તીવાળા ગામો કરતા વધારે હોવાથી એ "વહોરા કઠોર" તરીકે જાણીતું હતું. ગાયક્વાડી રાજયમાં એ ગાયકવાડનું "પેરીસ" કહેવાતું હતું.

લોકવાયકા છે કે કઠોરનાં અધિકારીઓના ઝુલ્મોના કારણે કઠોરવાસીઓ સ્થળાંતર કરી ગયા. કઠોરના વહારાઓ મોટા વરાછા - સુરત - રાંદેર - વરીયાવ - નવાપુર વગેરે ચાલ્યા ગયા અને ત્યાં જ સ્થાયી થઈ ગયા.

કઠોરના વહોરાઓ પહેલાથી જ વેપારી માનસના હતા. ૧૦૦-૧૨૫ વર્ષ પહેલાં કેટલાક ભાઈઓ વહાણ વાટે મોરીસીયસ પહોંચ્યા. ત્યાં ફેરીયાનો ધંધો કરી નોકરી કરી વેપારી બન્યા અને ત્યાં જ સ્થાયી થઈ ગયા. કેટલાક ભાઈઓ ત્યાંથી રીયુનીયન માડાગાસ્કર અને સાઉથ આફ્રીકા તરફ પહોંચ્યા. બીજા કેટલાક ભાઈઓ બર્મા, રંગુન, મીનજાન તરફ ગયા. ધીરે ધીરે ત્યાં વેપાર કરતાં થઈ ગયા. વેપારી કુનેહ, પ્રમાણિકતા, કુશળતા, જાત મહેનતથી ઠરીઠામ થઈ ગયા. આજે તેઓ સુપર મારકીતો અને કારખાનાઓના માલીક બની ગયા. કેટલાક બીઝનેસ મેગનેટ પણ બની ગયા. આજે કઠોરના સુન્ની વહોરાઓની કઠોર કરતા મોટી વસ્તી સાઉથ આફ્રીકાના નટાલ પ્રોવીન્સમાં અને ખાસ કરી ડરબન શહેરમાં છે. તેઓ પૈસો કમાઈ જાણે છે અને વાપરી પણ જાણે છે. દીની કામોમાં મસ્જીદ-મદ્રેસા અને દુન્યવી કામોમાં દીલ ખોલી ઉદારતાથી દાનો કરે છે.

કઠોરના યુવાનો ચાલુ સમયમાં બીજાઓની દેખાદેખી યુ.કે., કેનેડા, અમેરિકા, મીડલ ઈસ્ટ, આફ્રીકા વગેરે દેશોમાં પહોંચી ગયા છે. યુ.કે., કેનેડા અને રીયુનીયનમાં તેઓએ પોતાની એસોસીએશનો, યુનીયનો બનાવી છે.

કઠોરમાં ૨ મહેફીલો છે. મેહફીલે ઝીનતુલ ઈસ્લામા - બજારમાં છે. તેની સ્થાપના ૧૯૦૫ માં થઈ હતી. બીજી મેહફીલે રૌનકુલ ઈસ્લામ પેલાપાદરે છે. જેની સ્થાપના ૧૯૦૪ થઈ હતી. થોડા વરસો પહેલાં એનું નવું મકાન બન્યું છે. કઠોરમાં ઈસ્લામ જીમખાના છે. જે લગભગ ૧૯૨૫માં બન્યું હતું. તે સમયે સુરત જીલ્લા બલ્કે દક્ષિણ ગુજરાતમાં ફક્ત બે જ જીમખાના હતા. રાંદેર અને કઠોરમાં વરસો પહેલાં મર્હુમ હાજી સાલેહજી રાંદેરી સાહબે ડીસ્પેનસરીનું મકાન ડીસ્પેનસરી ચલાવવા માટે બનાવ્યું હતું. તે આજે મેહફીલે રૌનકુલ ઈસ્લામનાં વહીવટમાં છે. તેમાં જામીયા હકકાનીયાના તુલબાઓ પઢી રહ્યા છે. સને ૧૯૭૧ માં રિયુનીયનની ફિલેન્થ્રોપિક એસોસીએશનના પૈસાથી તે સંસ્થાના પ્રમુખ હાજી ઈસમાઈલ મુલ્લાં સાહબે સોનીવાડમાં આલીશાન બિલ્ડીંગ બનાવી અને તે કઠોર ફિલેન્થ્રાપિક એસોસીએશનને સુપ્રદ કરી. કઠોરમાં ૧૧ મસ્જીદો વડીલોએ બનાવેલી છે.

હ. મવ. અબ્દુલ હકક ઉમરજી સાહબ (ડરબન)ની કોશીશથી કઠોમાં જામીયા હકકાનીયાની સ્થાપના થઈ તેમાં હિફ્ઝ ક્લાસ અને દિની તાલીમના કલાસો ચાલે છે. તેમના હસ્તે મોટી ઉમરની બ્હેનો માટે આલીમાબાઈ મારફત દીનીમદ્રેસો ચાલે છે. સ્ટુડન્ટસ યુનીયન નામની સંસ્થા વિદ્યાર્થીઓને બુકસ વગેરેની મદદ કરે છે. સુન્ની વહોરા જમાઅત જમાતી કામો કરે છે.

કઠોરનીી માયએ નાઝ સંસ્થા કઠોર મદ્રેસએ અન્જુમને ઈસ્લામ છે. જેની સ્થાપના ૧૮૮૯ માં એક ખુદા રશીદા બુર્ઝુગ અને જય્યદ આલીમે દીન હ. મવ. અબ્દુલક હકક રહના મુબારક હસ્તે શેઠ મોહંમદ યુસુફ વાવડા ભાણાભાઈ મર્હુમની સરપરસ્તીમાં ૨૦ તુલ્બાઓથી થઈ. તે મદ્રેસો હ. મવ. અબ્દુલ હકક રહ.ની રૂહાની ફૈઝ અને બકરતોથી આજે ફુલીફાલી એક વટવૃક્ષ બની ગયો છે.

૨૦ તુલ્લાઓથી એક ભાડાના મકોનમાં જેની શરૂઆત થઈ. આજે તેના ૧૦ પોતાના મકાનો બની ગયા અને વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૦ થઈ છે.

ભૂતકાળની ભવ્ય યાદ તાજી થઈ રહી છે. કઠોરનું નામ રોશન થઈ રહ્યું છે.

મદ્રેસા સંકુલમાં બાલવાડીથી લઈ ધો.૧૨ સુધીના કલાસો ચાલે છે. ગર્લ્સ માટે ધો. ૧ થી એસ.એસ.સી. સુધીની સ્વતંત્ર કલાસો શિક્ષિત બ્હેનો દ્વારા ચાલે છે. અંગ્રેજી મીડીયમની નર્સરીથી લઈ ધો.૧૧ સુધીના ક્લાસો ચાલે છે.

ઈસ્લામિક ડેવલપમેંટ બેન્ક જીદદાના રૂા.૬૦ લાખના ઉદાર ડોનેશનથી આધુનિક સુવિધાવાળા પાંચ મકાનો બન્યા છે. જેમાં ટેકનીકલના વિષયો સીવણ, ભરત-ગુંથણ, ગૃહવિજ્ઞાન, કોમ્પ્યુટર, ટાઈપરાઈટીગ, ઈલેટ્રોનીકસના કલાસો ચાલે છે. ૧૦૦ છોકરીઓની સુવિધાવાળી હોસ્ટેલમાં છોકરીઓ રહેતી થઈ ગઈ છે.

દીની તાલીમની કાયા પલટ થઈ ગઈ છે. હાજી ઈબ્રાહીમ ઈસ્હાક સાહબની તનતોડ કોશીશોથી "નૂરાની કાયદા"ની તાલીમ શરૂ થઈ છે. જેથી બાળક અહી મખારીજથી તજવીદ સાથે કુર્આન શ. આસાનીથી પઢી શકે છે. ખુદા હાજી સાહબની કોશીશને કબુલ કરે. તાલીમની કચાસને પુરી કરે અને બાળકોને સહી ઈલ્મનસીબ કરે આમીન.

# આચાર્યશ્રીના બે બોલ

સૌ પ્રથમ
મદ્રેસા અંજૂમને ઈસ્લામ, કઠોરની મેનેજમેન્ટને મારા હાર્દિક અભિનંદન
-મદ્રેસાની શતાબ્દી ઉજવણી કરવાનું નકકી કરવા સારું
-આ સૂવેનિયર પ્રગટ કરવા બદલ.
મારા બે બોલ અત્રે પ્રસ્તુત છે. :

(૧) **મદ્રેસાની સંક્ષિપ્ત ઓળખ :**
(૧) એકસો વરસ પૂરા કરવા નશીબદાર
(૨) જેનુ ધ્યેય દીનિ તેમજ દુન્યવી બન્ને તાલીમ
(૩) ફકત શિક્ષણ જ જેનું કાર્યક્ષેત્ર
(૪) દૂર દૂર સુધી સેવા સુવાસ
(૫) અનેક ચડતી પડતીમાં પણ ટકી રહી આગળ વધનાર
(૬) બહુજન સમાજ માટે પણ લાભદાયી.
(૭) સમસ્ત કૌમનું આકાંક્ષાબિંદુ.
(૮) સદાય પ્રગતિશીલ, પ્રવૃતિશીલ.
(૯) કૌમની મરામૂલી મૂડી.

(૨) **મદ્રેસાની નોધપાત્ર પ્રગતિ.**
(૧) પધ્ધતિસરની દીનિતાલીમ.
(૨) આ.ઈ.ડી.બી. પ્રોજેકટ
(૩) અવગ્રણ્ય સંસ્થાઓમાં સ્થાન
(૪) અંગ્રેજી માધ્યમમાં પણ શિક્ષણની સગવડ.
(૫) ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણની સગવડ.
(૬) વ્યવસાયલક્ષી શિક્ષણની પ્રયાણ.
(૭) એક વિશાલ શૈક્ષણિક સંકુલ બનવાની ક્ષમતા.

(૩) **કૌમનું ભાવિ અને મદ્રેસા**
મદ્રેસાની
વિવિધ સિધિઓ
દૂરગામી
અસર ઉભી કરનાર
અને
કૌમનું સુંદર ભાવિ
ઘડનાર
થવાની
ક્ષમતા ધરાવે છે.

(૪) **મદ્રેસાનું ભાવિ**
અલ્લાહની મહેરબાની
સંસ્થાપકોની દુઆઓ
અને
પૂર્વજોની આકાંક્ષાઓ
ના કારણે
આપણો મદ્રેસા
પોતાના અસ્તિત્વની
એક સદી વટાવી શકયો છે.
અને
ઈન્શા અલ્લાહ
અનેક સદીઓ વટાવી શકશે.
મદ્રેસાને

કોઈની બદનજર
લાગવાની નથી.

(૫). **મદ્દેસાના સુકાની.**
મદ્દેસાનુ સદભાગ્ય છે કે
છેલ્લા ત્રણ દશકાથી તેને
સમસ્ત વહોરા કૌમના અગ્રણી
વહોરા સોસાયટીના એક સંસ્થાપક
જૂની પેઢી ના સંસ્કાર દીપ
ગરાસીયાઓના શકિતશાળી પ્રણેતા.
વ્યવસાય તબીબ
કાર્યક્ષેત્રે શિક્ષણ જીવ
મુરબ્બી ડૉ. એમ.ઈ.કાઝી સાહેબની
પ્રમુખ તરીકેની નેતાગીરીમાં
સેવાઓ સાંપડી છે.

(૬) **મદ્દેસાના કાર્યકરો.**
મદ્દેસાની વિવિધ સિધિઓ માટે
સદાય પ્રવૃતિ શીલ અને
પ્રયત્નશીલ રહેનાર
મેનેજિંગ કમિટિ તેમજ તમામ સભ્યો
તેમજ મદ્દેશીયન્સ તેમજ
નાનામોટા કાર્યકરો
આપણા સૌના
દિલી મુબારક બાદ હકકદાર છે.

(૭) **મદ્દેસાના વર્તમાન ઓન-સેક્રેટરી.**
મદ્દેસાના વર્તમાન ઓન સેક્રેટરી
જનાબ અહમદ ગુલામ મોહંમદ પટેલ સાહેબ
સદાય પ્રવૃત્તિમય
ઉત્સાહી
ખંતીલા અને મહેનતુ
નવયુવાન કાર્યકર છે
છેલ્લા કેટલાક વરસોથી
ઓન સેક્રેટરી તરીકે
તેઓ
મદ્દેસાને પોતાની સેવાઓ આપી રહ્યા છે.

(૮) **ભણતર- ઘડતરની પ્રકિયા**
અભ્યાસ ટેવ નો અભાવ
ભણતર ઘડતરમાં પછાતપણાનુ મુખ્ય કારણ છે.
તેમાટે
વાંચનકે વાક્ કૌશલ્યો + અવલોકન ટેવ
કેળવતા
ક્રમશ : ગ્રહણ શકિત વધતા શિખવાની ક્ષમતા વધે છે.
તર્કશકિત, આત્મવિશ્વાસ, મનોબળ, અને બુધ્ધિ ઓક વધે છે
પ્રતિકૃત રીતે
અભ્યાસ કૌશલ્ય + અવલોકન દ્રષ્ટિ + ગ્રહણશકિત + યાદશકિત
સતેજ અને સંગીન બને છે.
આમ, સુંદર અભ્યાસ ટેવ પડે છે. જે વિવિધ માનસિક શાખા પ્રશાખાઓને
વિકસીત વિસ્તૃત વિદ્યમાન કરે છે.

એમ થતાં
ભણતર ઘડતરનુ સત્વ
આત્મસાત થવા લાગે છે.
આત્મ ખોજ, આત્મસુઝ
પાંગરવા લાગે છે.
વિદ્યા ક્ષિતિજ વિસીરવા લાગે છે.
વિદ્વતા હસ્તગત થાય છે.
માનવીય તેજસ્વીતા પ્રગટે છે.
માનવી માનવ બને છે.
એજ શિક્ષણનો મૂળભૂત હેતૂ છે.
તમામ તાલીમનો
મૂળહેતૂ
આદમીમાંથી ઈન્સાન સર્જવાનો છે.
ભણતર ઘડતરની પ્રક્રિયામાં
તેમજ
વિદ્યાર્થીનું ભાવિ
ઘડવામાં એક અથવા બીજી રીતે સંકળાયેલ દરેક
ભણતર ઘડતરની પ્રક્રિયા તેમજ
અભ્યાસ ટેવ કેળવવાની
પાયાની વાત
બરાબર સમજવી જરૂરી છે.
અને તે અંગે પૂરેપૂરા સજાગ રહેવું જરૂરી છે.
ત્યારેજ
સુંદર પરિણામ મેળવી શકાય
માનવીને માનવ ઘડી શકાય
આદમીને ઈન્સાન બનાવી શકાય.

(૯) <u>ભાષા શિખવાની વ્યવહાર સરળ રીત :</u>
જે ભાષા શિખીએ તેમાં
દરરોજ પાંચ વાકયો બોલવા
દરરોજ પાંચ વાકયો વાંચવા
દરરોજ પાંચ વાકયો લખવા
દરરોજ પાંચ નવા શબ્દો ઓળખવા
જેમ બને તેમ વહેલા 'તમામ કાળ' જાણી લેવા.
(૧૦) <u>શિક્ષણનું સ્તર ઉચુ લાવવાની વ્યવહારુ સરળ રીત :</u>
પોતાને વિદ્યાર્થી સમજવું
અભ્યાસ ટેવ પાડવી
વાંચન કૌશલ્યો કેળવવા
વાક કૌશલ્યો કેળવવા
આત્મવિશ્વાસ રાખવો
શાળામાં નિયમિત રહેવું
વર્ગમાં બરાબર ધ્યાન આપવું
પાઠય પુસ્તકોમાંની વિગતો સમજવી
અન્ય પુસ્તકો પણ વાચવા ઘરે, ગૃહકાર્ય હોમ કે ન હોય નિયમિત અભ્યાસ કરવા બેસવું.
સારા ઈતર/પુરક વાંચન માટે સમય કાઢવો.
શિક્ષકો/ માબાપનું માર્ગદર્શન મેળવતાં ખંચકાવું નહી.
દઢિકરણ માટે પૂરતો સમય ફાળવવો
રોજનિશી નિયમિત રાખવી.

(૧૧) <u>સારો શિક્ષક</u>
તે શાળામાં પ્રવેશતાં જ ભણતર ઘડતરની પ્રકિયામાં પૂરેપૂરો

ઓતપ્રોત થઈ જાય છે.
તે શાળા સમય દરમિયાન પોતાના વિદ્યાર્થી ઓના ઉત્કર્ષ માટે
એક એક મિનિટ નો સદ્‌ઉપોગ કરે છે.
તે પૂરતી પૂર્વ તૈયારી સાથે વર્ગકાર્યની સજ્જતા ધરાવે છે.
તે વર્ગકાર્યમાં અસરકારક આદાન પ્રદાન કરે છે.
તેની તમામ પ્રવૃત્તિઓનું લક્ષ્યાંક વિદ્યાર્થી કેન્દ્રિય જ હોય છે.
તે તેની ફરજો ઉદાર ભાવનાથી બજાવ્વા સદાય તત્પર રહે છે.

(૧૨) <u>આપણી ફરજો</u>
(૧) આપણા સૌની નેક ફરજ બને છે કે દીનિ અને દુન્યવી
તાલિમનું ખરા અર્થ સંદર્ભમાં સુંદર સંકલન કરીએ અને બંને
તાલિમનો લાભ મેળવીએ.
(૨) આપણા આંગણામાંજ ઉભી થયેલી સુંદર સગવડનો લાભ લઈએ
અને આપણા બાળકોને દીનિ તેમજ દુન્વયી તાલિમથી એવી રીતે
સજ્જ કરીએ કે તેઓ જીવનના વિવિધ ક્ષેત્રોમાં સફળતાપૂર્વક ઝળકી ઉઠે.
(૩) આપણે આપણા મદ્રેસાને યથાશકિત હાથથી હૈયાની દિમાગથી મદદરૂપ બનીએ કે જેથી તે આપણા
બાળકોના સવાંગી વિકાસ માં વધુ અસરકારક ફાળો આપી શક્વા સમર્થ બને.
(૪) આપણે રખડુપણુ, વ્યસન, કુટેવ, ખરાબ સોબત, આળસ, અનિયમિતતા, સસ્તા કિમિયા વગેરેથી આપણા
બાળકોને બચાવીએ.
(૫) આપણે આપણા બાળકોની તાલિમના કામને સૌથી મહત્વનું સમજીએ.

(૧૩) આપણા વિદ્યાર્થીઓ માટે આપણે
આપણા વિદ્યાર્થીઓ છે
હોશિયાર
સંપતી
શકિતમાન
સરળ
હિંમતવાન
માબાપને માન આપનાર
શિક્ષકને માન આપનાર
વડિલને માન આપનાર
મૂલ્યાને માન આપનાર
સદગુણોને માન આપનાર
પરંતુ અનિવાર્યરીતે
તેઓને જરૂર છે આપણા
માર્ગદર્શનની
પ્રેરણાની
વાતાવરણ, પર્યાવરણ, જીવાવરણની
સ્નેહ- હૂંફની
દષ્ટાંત-દાખલાની
નમૂનાની
નકશાની
સ્વંય શિસ્તમય થવા
અભ્યાસુ થવા
સુંદર થવા
સફળ થવા
પોતાના વિચારોમાં, કાર્યોમાં, ઈન્સાનિયતમાં
અહીજ
એક પડકાર છે
આપણા સૌ માટે
નેક પડકાર છે.

કે આપણે તેઓની માટે તેઓના ભલામાટે તેઓનાં સુંદરભાવી માટે
કે આપણે તેઓ માટે
સારા માર્ગદર્શક
સારા પ્રેરક
સારા સ્નેહી
સારુ દ્દષ્ટાંત
સારો નમૂનો
બનીએ.
દરેક પ્રસંગે
દરેક પળે
દરેક સમયે
જયાં પણ, જેવા પણ, જે પણ આપણે હોઈએ
ઘરમાં
શાળામાં કે
સમાજમાં
આપણું વર્તન
આપણું વ્યકિતત્વ
આપણી ઈન્સાનિયત તેઓ માટે આપણી ધરતીપરના ફરિશ્તાઓ માટે,
આપણી ધરતીપરના સિતારાઓ માટે,
આપણી ધરતીપરના ગુલાબો માટે
એક પ્રેરણા સ્ત્રોત બને..
(૧૪) આપણે સતત યાદ રાખવુ પડશેકે એક આંખમાં પ્રભાવ અને
એક આંખમાં સ્નેહ, હુંફ રાખીનેજ આપણે આપણા બાળકોનું સાચુ ઘડતર કરી શકીશું.
(૧૫) ઈલ્મ એક એક ક્ષણ અતિ મૂલ્યવાન છે.
બે બોલ પૂરા કરતાં પહેલા.

મદ્રેસા આભારી છે.
કૌમના નાના મોટા સૌ કોઈનો આજ સુધીમાં નાના મોટો સર્વ કાંઈ મદદ કરવા બદલ. સ્થાનિક તેમજ દેશ પરદેશના નાના મોટા સૌ કોઈનો યથાશકિત સાથ સહકાર આપવા બદલ મદ્રેસાઆભારી છે. જે કોઈ નામી આંખો, કાનો, પગો, હાથો, દિમાત્રો મદ્રેસાને એક વિશાળ શૈક્ષણિક સંકુલમાં ફેરવ્વા માટે યશાશકિત ફાળો આજે આપી રહ્યા છે અને આપનાર છે તે બદલ.
મદ્રેસા આભારી છે.મદ્રેસા નાતાલ કમિટિનો વરસોથી નાણાંકિય સહાય પહોંચાડવા બદલ.

**-આચાર્ય એ. એસ. સુરતી**

**સુવેનીયરની જાહેર ખબરો મેળવવામાં ટ્રેઝરર જ. યુસુફ કાસમ પારખનો સિંહ ફાળો છે. તેની સાભાર નોંધ લેવામાં આવે છે.**

# મદ્રેસએ અન્જુમને ઈસ્લામ કઠોરના બાની

## હઝરત મવલાના અબ્દુલહકકરહ.

મળેલી માહિતીના આધારે હઝરત મુહિબ્બુલ્લાહ જાત તનાવલી હુરોનઅલ મકકીના બે પુત્રો હતા.

(૧) સૈયદ આલમ

(૨) સૈયદ નુર આલમ

સૈયદ આલમ મકકાશ.થી નીકળી સરહદપ્રાંત પંજાબના હઝારા જીલ્લા થઈ ગુજરાતમાં આવ્યા. પ્રથમ સુરત જિલ્લાના ખોલવડ ગામમાં હાલના ખોલવડ હાઈસ્કુલના આચાર્ય અમીન મુલ્લાના વાલિદ સાહબના મકાનમાં ઉતર્યા. ત્યાંથી કઠોરની પરબની મસ્જીદમાં આવ્યા. ત્યાં કુર્આન શરીફ અને હદીસની રોશનીમાં મજલીસો થતી હતી. ગામના આગેવનો સામે દારૂલ ઉલુમ ચાલુ કરવાની વાતો કરી. પરંતુ ગામલોકોએ તેના પર ધ્યાન આપ્યું નહિ. જેથી નારાજ થઈ તડકેશ્વર ચાલ્યા ગયા. પાછળથી કઠોરના આગેવાનોને મેહસુસ થયું કે આવા જય્યદ આલીમેદીન બા અમલ બુઝુર્ગને નારાજ કરવાનો પસ્તાવો થવા લાગ્યો. તેથી શેઠ મોહંમદ યુસુફ વાવડા ભાણાભાઈ અને તેમના સાથીઓ તડકેશ્વર જઈ તેમને મનાવીને પાછા કઠોર લઈ આવ્યા. આ ખુદા રશીદા બુઝુર્ગની વાતને માનીને દારૂલ ઉલુમ બનાવવા માટે ૨૦ છોકરાથી મકતબ શરૂ કર્યો. તેનું નામ **મદ્રેસએ અન્જુમને ઈસ્લામ** રાખ્યું. હઝરતની ઉચ્ચ પ્રકારની ઈલ્મી લાયકાતની સુવાસ ગુજરાતભરમાં અને ગુજરાત બહાર ફેલાઈ ગઈ. તે સમયે દારૂલ ઉલુમ કક્ષાનો બીજો મદ્રેસા ન હતો. તેથી દુર-દરાઝથી ઈલ્મના પ્યાસા આવ્વા લાગ્યા. હઝરત તુલબાની ઈસ્તેદાદ પ્રમાણે બુખારી-શરીફ-શર્હે-વિકાય-કુર્આન શરફની તફસીર પઢાવતા. કહેવાય છે કે દિવસે આ તુલ્બાઓને દર્સ-તદરીસ આપતા તો રાત્રે જીન્નાતોને તાલીમ આપતા.

હઝરત સૈયદ આલમ કઠોરમાં અને આસપાસમાં હ. મવ. અબ્દુલ હકક રહ. તરીકે ઓળખાતા હતા. તેઓ નકાબ પોસ હતા.

એવી વાત જાણવા મળી છે કે હઝરતની દીલી તમન્ના હતી કે મજકુર મદ્રેસા માટે એવી આવકનું સાધન થઈ જાય કે તેનો નિભાવ આસાનીથી થઈ શકે. હઝરતના હસ્તે તાલીમ લઈ ચુકેલા કેટલાક એમના ચાહવાવાળાઓએ આફ્રીકામાં ચંદો કરી હઝરતની યાદગાર તરીકે ડરબનમાં **"હકકાની બિલ્ડીંગ"** ખરીદી.

કઠોરમાં ૧૯૦૧ માં પ્લેગ ચાલતો હતો. તેમાં પહેલા એમની ઓરત ગુજરી ગયા, પછી હઝરતની વફાત થઈ. કાલુ ઈન્ના...રાજેઉગ બન્નેની કબરો કઠોરના કબ્રસ્તાનમાં છે.

તેમની આખરી વસીયત તેમના ફરજંદ હ. મવ. અબ્દુલ ખાલિકને શેઠ ભાણાભાઈને સોંપીને સદાના માટે આફાની દુન્યાથી વિદાય લીધી. જ. હાજી મહમદ યુસુફ ટીમોલ સાહબને કોઈ અવલાદ ન હોવાથી તેમણે હ. મવ. અબ્દુલ ખાલિક રહ.ને દત્તક તરીકે લીધા. હાજી મહમદ યુસુફ ટીમોલ સાહબ ૧૯૩૯ માં ગુજરી ગયા અને પોતાની તમામ મિલ્કતો અને અસ્કયામતો હ. મવ અબ્દુલ ખાલિક રહ. જેઓ હકીમ હતા. તેમને સોંપી ગયા. તેઓ ૧૯૫૬ માં વફાત પામ્યા. આજે તે બધી મિલ્કતો-અસ્કયામતોનો કબજો ભોગવટો એમના પુત્રો પાસે જ છે.

કહેવાય છે કે હઝરત મવ, અબ્દુલ હકક સાહબના વાલિદ હ. મવ. મુહિબ્બુલ્લા રહ. એ જીલ્લા હઝારામાં અને હઝરતના દાદા હ. મવ. ઓમેર રહ. એ ગુજરાતવાલા (સિંધ)માં દારૂલ ઉલુમની સ્થાપના કરી હતી.

હઝરત મવ, અબ્દુલ હકક રહ.ની રૂહાની ફૈઝ અને બરકત આજે પણ મદ્રેસએ-અન્જુમને-ઈસ્લામ-કઠોર પર વરસી રહી છે. ખુદા, એ બુઝુર્ગની બાલ-બાલ-મગફેરત કરે. જન્નતુલ ફિરદોસમા અલામુકામ નસીબ કરે અને કઠોરના મદ્રેસએ અન્જુમને ઈસ્લમની ઉત્તરોઉત્તર તરકકી કરે આમીન. સુમ્મા આમીન.

## કઠોર મદ્રેસએ અન્જુમને ઈસ્માઈલ ઈન નાટાલ

*સ્થાપક ૧૯૧૭ શેઠ ઈસ્માઈલ મહમદ પારખ*

મૂળ કઠોરના વતની સાઉથ આફ્રીકા રોજી રોટી કમાવા ગયા. જાત મહેનત, પ્રમાણિકતા અને શુભનિષ્ઠાથી પોતાનો ધંધો શરૂ કર્યો. વેપારી બન્યા. પરદેશમાં વેપાર કરવા છતાં પોતાના માદરે વતનની દીલમાં લાગણી અને મોહબ્બત હતી, ૧૮૮૯ માં કઠોરમાં મદ્રેસએ અન્જુમને ઈસલામની સ્થાપના થઈ, ત્યારથી જ તેમણે મદ્રેસાની મદદ જે રીતે થાય તે રીતે કરવા માંડયું. આફ્રીકા ખાતે તેઓ વરસો સુધી મદ્રેસાના પ્રતિનિધિ તરીકે કામ કરતા રહ્યા ૧૯૧૭ માં તેમણે આફ્રીકાના કઠોરવાસી ભાઈઓની એક મીટીગ પોતાના ઘરે બુલાવી તેમાં નકકી થયા, પ્રમાણે જે ફંડ ફાળો ઉઘરાવ્યો હતો, તેની વ્યવસ્થા કરવા કઠોર-મદ્રેસએ અન્જુમને ઈસલામ ઈન નાટાલ નામની એક કમીટી બનાવી મદ્રેસાના નિભાવ માટે ચંદાની રકમમાથી એક મકાન ડરબનમાં લીધું. "હકકાની બિલ્ડીગ" તેની આવક મદ્રેસાને નિયમીત રીતે મળતી રહી. તેમની નેકનિય્યત્તના કારણે એ ફંડ આજે સારી આવકનું સાધન બની ગયું છે. ખુદા એમની કોશીશોને કબુલ કરે અને અજ્રે અઝીમ અતા કરે આમીન. આજે પણ એ ફંડમાંથી મદદ ચાલુ જ છે.

## મર્હુમ ડૉ. એ. એમ. મુલ્લા સાહેબ



મૂળ કઠોરના વતની - સાઉથ આફ્રીકામાં સ્કુલનો અભ્યાસ કરી ધંધામાં લાગી ગયા. પાછળથી મેસર્સ એ. એમ. લોખાતની પેઢીમાં જોડાયા અને **"મેનેજર મુલ્લા"** તરીકે લોકોમાં મસહુર થયા. નોકરી સાથે લોક સેવાના કામો પણ કરતા રહ્યા. કહેવાય છે કે પોતાની નોકરીના સમય પછી અમુક સમય લોકોના કામો માટે ફાળવી રાખ્યો હતો. તે સમય દરમિયાન લોકોના કામોના ડ્રાફ્ટ લખી આપવાનું - ધંધા અંગેની આંટીઘૂંટીની સલાહ આપવાનું - એક વકીલની હેસિયતથી તેમના પ્રશ્નોનો ઉકેલ લાવવાનું - કે લવાદી કામ પતાવવાનું કામ કરતા હતા. જેથી લોકપ્રિય બની ગયા હતા. અનેક સેવાભાવિ સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દા વરસો સુધી ભોગવ્યા હતા. નોકરી છોડયા પછી પેતાનો સ્વતંત્ર ધંધો **"કીંગ્સ ગેટ"**ના નામથી શરૂ કર્યો અને તેને એટલો વિકસાવ્યો કે **"બિઝનેસ મેગનેટ"** બની ગયા હતા. રાજકારણમાં પણ સક્રીય ભાગ લેતા. સાઉથ આફ્રીકાની સરકાર પણ વારંવાર તેમની સાથે ચર્ચા વિચારણા કરતી. વિશ્વના અનેક દેશોની વારંવાર મુસાફરી કરી હતી. ઈન્ડિયા પણ વારંવાર આવતા હતા. ભારતની અનેક સંસ્થાઓમાં તેઓ દીલચસ્પી લેતા. ખાસ કરી સુરત કઠોરની સંસ્થાઓમાં તેમને ઉંડો રસ હતો રાંદેર એમ. એમ. પી. હાઈસ્કૂલમાં **અમીના આમોદ મુલ્લા ગર્લ્સ હાઈસ્કૂલનો બ્લોક** બંધાવી આપ્યો. કામરેજ ચાર રસ્તા કોલેજમાં પણ માતબર દાન આપ્યું. કઠોર ગલીચારા હાઈસ્કૂલમાં **સાયન્સ બ્લોક** માટે મોટું દાન આપ્યું. સુરત સાર્વજનિક હોસ્પીટલમાં સારું દાન આપી એ. એમ. લાખાત અને ડૉ. એ. એમ. મુલ્લા સાર્વજનિક હોસ્પીટલના પાયાનું કામ કર્યું. દી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેસન સોસાયટીમાં પણ એમનો સિંહ ફાળો છે. **આફ્રીકા ટ્રસ્ટના તેઓ સ્થાપક** હતા. કઠોર જ્યારે જ્યારે આવતા ત્યારે કઠોરની દરેક સંસ્થાની બારિકાઈથી પુછપરછ કરી, નોંધ લખીને લઈ જતા. કઠોરની સંસ્થાઓ જેવી કે મદ્રેસાએ અન્જુમને ઈસ્લામ મેહફીલે રૌનકુલઈસ્લામ - મેહફીલે ઝીનતુલ ઈસ્લામ - ઈબ્રાહીમ રાઈદ મસ્જીદ ટ્રસ્ટ, ઈલાહી મસ્જીદ ટ્રસ્ટ - કાજી અને સાલેહ મહમદ મસ્જીદ ટ્રસ્ટનો વહીવટ એમની પાસે જ હતો. એ સિવાય કઠોરની બીજી સંસ્થાઓનો પુરો ખ્યાલ રાખતા હતા.

આફ્રીકાના ભારતીય લોકોમાં અને ખાસ કરીને મુસલમાનોના માનીતા લીડર હતા. ખુબ જ બુદ્ધિશાળી - વ્યવહારુ અને દુર અંદેશ હતા. વરસો પહેલાથી એઓની એ દ્રઢ માન્યતા હતી કે જે સમય જાય છે, તેમાં સાઉથ આફ્રીકામાં ત્યાંના નેટીવનું વર્ચસ્વ આવનાર છે. તેમના અવસાનથી આફ્રીકા અને સુરત જીલ્લાને મોટી ખોટ પડી છે. ડરબનની **કીંગ્સગેટ** અને **ઓરીઅન્ટ હાઈસ્કૂલનો ડૉ. એ. એમ. મુલ્લા મેમોરીયલ હોલ તેમની યાદ તાજી** રાખે છે.



## મર્હુમ હાજી અહમદ મોહંમદ ડોકરાત સાહબ ડરબન

અસલ કઠોરના વતની અને બર્માના સફરી-મર્હુમ સુલેમાન દાદાભાઈ (રંગુન)ના મેનેજર હતા. રંગુન ખાતેની મદ્રેસા કમીટીના સેક્રેટરી હતા અને મદ્રેસાના શેરો વગેરેની વ્યવસ્થની કામગીરી ચીવટાઈથી કરતા. આવક નિયમિત કઠોર મદ્રેસા પર મોકલી આપતા. વખતો વખત કઠોર આવતા, ત્યારે મદ્રેસાના કામો દીલચસ્પીથી નિરીક્ષણ કરતા. સલાહ સુચનો આપતા. બર્માના મામલાએ પલટો ખાધો, તો તેઓ સાઉથ આફ્રીકા હીજરત કરી ગયા, ત્યાં કઠોર મદ્રેસાએ અન્જુમને ઈસ્લામ ઈન નટાલના સેક્રેટરી બન્યા. પથારીવશ થયાં ત્યાં સુધી તેઓ સેક્રેટરી તરીકેની કામ્ગીરી બરાબર બજાવ્તા રહ્યા. તેમનાં હૃદયમાં કઠોર અને ખાસ કરી મદ્રેસાની લાગણી અને મોહબ્બત રહી હતી. ખુદા તેમની સેવાને કબુલ કરે અને જન્નતુલ ફિરદોસમાં જગા આપે. આમીન. શુમ્મા આમીન.



હાજી દાબુદ મોહંમદ લોખાતનો જન્મ ૧૮૯૫ માં કઠોરમાં થયો. તેમણે પ્રાથમિક શિક્ષણ કઠોર મદ્રેસામાં લીધું. ૧૯૦૯ માં તેમના મામા તેમને કલકત્તા એ.એન.પારેખ કું.માં ધંધો શીખવા માટે લઈ ગયા. ૧૯૧૫ માં ૨૦ વર્ષની ઉમરે ડી.એમ. લોખાતે પોતાના વડીલ બંધુ એ.એમ. લોખાત સાથેવેપાર શરૂ કર્યો. ધંધામાં કામિયાબ રહ્યા. બેંગાલ ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય સંસ્થાઓના સંપર્કમાં રહ્યા.

૧૯૪૬ માં ધંધામાંથી રીટાયર્ડ થઈ કઠોરના સમાજના ઉત્કર્ષના કામોમં લાગી ગયા. લાંબા સમય સુધી તેઓ મદ્રેસાએ અન્જુમને ઈસ્લામ, મેહફીલે ઝીનતુલ, ઈસ્લામ, મેહફીલે રોનકુલ ઈસ્લામ, ઈસ્લામ જીમખાનાના પ્રમુખ રહયા. તેઓ ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી સુરતના વા-પ્રેસીડન્ટ અને ટ્રેઝરર તરીકે પણ રહી ચુકયા. તેઓની માન્યતા હતી કે શિક્ષણ એ જ સમાજને ઊંચે લાવવાનું સાધન છે. તેમનો જયેષ્ઠ પુત્ર તેમનો ધંધો સમાલતો હતો. બીજો પુત્ર ડૉ. મુસાજી યુ. કે. માં પ્રેકટીશ કરે છે. જયારે નાનો પુત્ર અબ્દુલ્લા કઠોરમાં લોખાત ટ્રસ્ટનું કામ સંભાળે છે.

તેઓ પોતે સારું દાન કરતા હતા અને લોખાત વકફ ડરબનમાંથી પણ સારું દાન કરાવતા હતા. ૧૯૬૦ થી ૧૯૭૦ સુધી તેઓ કઠોર કેળવણી મંડળના પ્રમુખ હતા. તેમના જ પ્રતાપે સુરત સાર્વજનિક હોસ્પીટલમાં લોખાત બ્લોક બન્યો હતો. તેઓ ૧૯૭૦ માં ૭૫ વર્ષની ઉમરે ગુજરી ગયા.



હાજી સુલેમાન મોલવી ઈસલાઈમ વાવડાનો જન્મ કઠોરમાં ૧૯૦૫ માં થયો. પ્રાથમિક શિક્ષણ કઠોરમાં લીધું. ૧૯૨૩ માં પોતાના પિતાના મોરીસીયસના ધંધામાં જોડાયા. વિશ્વના અનેક દેશોની સફર કરી, તેમની સફર ઈગ્લેન્ડમાં થઈ. જ્યા તા.૨૪ મે, ૧૯૮૮ ના ૮૩ વર્ષની ઉમરે ગુજરી ગયા.

પોતાના પિતાના ૧૯૫૮ માં ગુજરી જવા પછી પોતાના ભાઈઓ યુસુફ અને ઈબ્રાહીમની સાથે મળી ધંધામાં સારો વધારો કર્યો. તેઓ વેપારી હોવાની સાથે સામાજીક અને અન્ય પ્રવૃત્તિઓમાં સારો રસ લેતા હતા. મોરીસીયસની સુરતી વહોરા સમાજના આગળ પડતા કાર્યકર હતા. સને. ૧૯૫૫ થી કઠોર મદ્રેસ એ અન્જુમને ઈસ્લામના પ્રતિનિધિ હતા. ૧૯૬૨ માં મોરીસીયસની મર્કઝે ઈસ્લામ મસ્જીદના ફંડ ફાળા મેળવવામાં સક્રીય ભાગ લીધો હતો.

વાંચનના ખાસ શોખીન હતા. ઉર્દુ ગઝલમાં તેમને રસ હતો અને ઉર્દુ ગઝલો ''આદીલ'' તખલ્લુસના નામે લખતા હતા. દીનીદુન્યવી શિક્ષણમાં તેમને ઉડો રસ હતો. ઘણાં કુટુંબોના ટ્રસ્ટી હતા. ધી મોલ્વી વાવડા વકફ ટ્રસ્ટ મોરીસીયસના મેનેજીંગ ટ્રસ્ટી હતા. તેમને પહેલી ઓરતથી એક છોકરો મોહંમદ છે, જયારે બીજી ઓરતથી એક છોકરો અહમદ સઈદ બંને મેડરીસીયસમાં છે.

## હાજી યુસુફ મોહમદ રાંદેરી સ્વ.

એમનો જન્મ ડરબન ખાતે ૨૨ ડીસેમ્બર ૧૯૧૨ માં થયો હતો. સ્કૂલનું શિક્ષણ લઈ પોતાના પિતાના ધંધામાં પરોવાય ગયા. સાથે સાથે સામજીક કાર્યોમાં પણ રસ લેતા રહ્યા. છેલ્લાં ૨૫/૩૦ વર્ષથી ધંધામાંથી નિવૃત્તિ લઈ અનેકવિધ સેવાના કામોમાં ગુંથાય ગયા. સ્વભાવે ઉદાર દીલ-હરદીલ અઝીઝ-સેવાભાવી છે.

ડરબનની અનેક સંસ્થાઓમાં જુદા જુદા હોદ્દા પર રહી સેવા કરી છે. જેવા કે ડરબન મુસ્લિમ ઈન્સ્ટીટયુટ - નરાલ મુસ્લિમ કાઉન્સીલ - સોલ્સબરી કલબ - ઓરીઅન્ટ કલબ - નટાલ ઈન્ડિયન કોંગ્રેસ - નટાલ ઈન્ડિયન બ્લાઈન્ડ સોસાયટી - વેલ્સવીલ યુનીવર્સીટી મસ્જીદ - મેરબેન્ક મસ્જીદ મદ્રેસા ટ્રસ્ટ - આસરવીલ મસ્જીદ ટ્રસ્ટ - ઈન્ડિયન સેન્ટીનરી સ્કોલરશીપ ટ્રસ્ટ ઓરીઅન્ટ ઈસ્લામિક ટ્રસ્ટ, અંજુમને ઈસ્લામ જુમ્મા મસ્જીદ ટ્રસ્ટ મલય ઈસ્લામિક એજયુકેશન એન્ડ વીમેન્સ કલચરલ ગૃપ મુસ્લિમ ચેરીટેબલ ફાઉન્ડેશન ઈસ્પીંગો હીલ્સ ઈસ્લામિક ટ્રસ્ટ - દારૂલયતામા વલમસાકીન ટ્રસ્ટ કઠોર મદ્રેસએ અંજુમને ઈસ્લમ ઈન નાટાલ કમિટી - કઠોર મેહફીલે રૌનકુલ ઈસ્લામ ટ્રસ્ટ વગેરે વગેરે. કઠોર સાથે એમને ખાસ લાગણી અને મોહબ્બત છે. વખતોવખત કઠોરની મુલાકાતો લીએ છે. એમણે વિશ્વના અનેક દેશોનો પ્રવાસ કર્યો છે. આફ્રીકા અને કઠોરના વહોરા સમાજમાં સારી પ્રતિષ્ઠાનું સ્થાન ભોગવે છે. મર્હુમ ડૉ. એ. એમ. મુલ્લાના સાથી અને સહકાર્યકર છે. આ ઉમરે પણ એમની સેવા ચાલુ જ છે.

## હાજી ઈસમાઈલ કથરાદા સાહબ

અસલ કઠોરના વતની - સાઉથ આફ્રીકામાં અભ્યાસ કરી પેતાના બાપીકા ધંધામાં વેરૂલામમાં જોડાઈ ગયા. ત્યાંની અનેક સંસ્થાઓમાં સક્રીય ભાગ લેતાં રહ્યા. ૧૯૬૭ માં વેરૂલમના મેયર બન્યા. પાછળથી ડરબનમાં આવી વસવાટ કર્યો. રાજકારણમાં ભાગ લઈ ફાઈનાન્સ મીનીસ્ટ્રીમાં જોડાયા. ત્યાંથી છુટા થઈ મર્હુમ ડૉ. એ. એમ. મુલ્લા સા.ના હસ્તેની અનેક સંસ્થાઓનો કારભાર સંભાળી લીધો. કઠોર મદ્રેસએ અન્જુમને ઈસ્લામ ઈન નટાલ કમીટીના સેક્રેટરી તરીકે તેમજ કઠોરની અનેક સંસ્થાઓનાં વહીવટ કુશળતાપૂર્વક કરી રહ્યા છે. જેવી કેવી કે કઠોર મદ્રેસએ અન્જુમ્ને ઈસ્લામ - મેહફીલે રૌનકુલ ઈસ્લામ - મેહફીલે ઝીનતુલ ઈસ્લામ - ઈબ્રાહીમ સઈદ મસ્જીદ ટ્રસ ઈલાહી મસ્જીદ ટ્રસ્ટ - કાજી અને સાલેહ મહમદ મસ્જીદ ટ્રસ્ટ કઠોરની. આ બધી સંસ્થાઓનો વહીવટ સારી રીતે કરે છે. છતાં કઠોર આવવાનું ઘણું ઓછું થાય છે.

# ઈસ્લામીક ડેવલપમેન્ટ બેંક જીદદા પ્રોજેક્ટ

આઈ.ડી.બી.ના હેતુ : અમારા જાણવામાં આવેલું કે વિશ્વના કેટલાક ધનાધ્ય મુસ્લિમ દેશોએ સાથે મળી એક ફંડ ઊભું કર્યું છે. જેનો હેતુ જગતના જુદા જુદા દેશોમાં મુસ્લિમો શિક્ષણ ક્ષેત્રે આગળ આવે તે હેતુથી આર્થિક મદદ શૈક્ષણિક સંસ્થાઓને કરવી. તે ફંડનું નામ ઈસ્લામિક ડેવલપમેંટ બેન્ક છે. તેનું હેડ કવાર્ટસ જીદ્દાહ (સા. અરેબીયા) છે. તે પછી એવું પણ આધારભૂત રીતે જાણવા મળ્યું કે મોટામીયાં માંગરોલની મદ્રેસાએ કોએમુલ ઈસ્લામની શાળાને ટેકનીકલ ઈન્સટીટયુટ બનાવવા માટ રૂા.૬૦ લાખ જેવી મદદ એડ. ગુલામ મોહંમદ સુ. મતાદાર મદ્રેસા કાએમુલ ઈસ્લામનાં પ્રમુખની કોશીશથી મંજુર થઈ છે. ઈસ્લામિક ડેવલપમેંટ બેન્કે ભારતને જુદા જુદા ઝોનોમાં વહેંચી દીધું છે. ગુજરાત વેસ્ટર્ન ઝોનમાં આવેલું છે અને તેના કન્વીનીયર ડૉ. એ. યુ. શેખ મુંબઈના છે. અમારી ઘણી ઈચ્છા હતી કે ડૉ. એ. યુ. શેખને મળી અમારી મદદની વાત કરીએ. ડૉ. શેખને મળવા માટે અમો વસીલા અને લાગવગ મેળવવાની મુંઝવણમાં હતા. તેવામાં નીચેની ઘટના કુદરતી સંકેત પ્રમાણે બની.

બનેલી સત્ય ઘટના :

શેર છે કે

ખુદા કી દેણકુ મુસા (અ.સ.) સે પુછીએ

આગલેને ગયે ઔર પયગમ્બરી મિલી

અમારા નસીબ જોગે ડૉ. એ. યુ. શેખ એક દિવસ મોટામીયા માંગરોલ અને કોન્ઢ જતાં જોહરની નમાઝનો ટાઈમ થવાથી રસ્તામાં કઠોર નમાઝ માટે આવ્યા. ગામના સીમાડે સડકની સાથે અમારી શાળાના કમ્પાઉન્ડમા બિલ્ડીગ પર તેમની નજર પડી. સાથીઓને પૂછતાં જાણવા મળ્યું કે મદ્રેસએ અન્જુમને ઈસ્લામની હાઈસ્કૂલ છે ખુદાએ તેમના દિલમાં વાત નાંખી. તેમણે મદ્રેસાના સંચાલકોને મળવાની ઈચ્છા બતાવી. તેમના સાથીઓએ એ શાળાના આચાર્ય જ. હાસીમ સુ. સુરતી અને એક કમિટી સભ્ય જ. મોહંમદ ઈ. માંજુ સાથે મેળાપ કરાવી આપ્યો. તેમની સાથે વિગતે ચર્ચા કર્યા પછી "ગર્લ્સ હોસ્ટેલ કમ વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર" બનાવવાનો સંકેત આપ્યો અને તેના માટે જીદદાનું ની ઈસ્લામિક ડેવલપમેંટ બેન્કમાંથી મદદ મેળવી આપવામાં મદદ કરવા વચન આપ્યું. બેન્કમાંથી ફોર્મ મેળવવા અને મદદ મેળવવાની કાર્યવાહી સમજાવવામાં આવી. ઈસ્લામિક ડેવલપમેંટ બેન્ક જીદદાનું ફોર્મ મળવા પછી હમો ઘણાં જ ગુંચવાડામાં પડયા. કારણ તે ફોર્મ એટલું બધું અટપટું હતું કે તેને કેમ ભરવું, તેની મુશ્કેલીમાં અમો અટવાતા હતા.

પ્રોજેકટનું રેખાંકન અને મળેલી આર્થિક સહાય : અમારા એક સાથીના સૂચનથી અમોએ એકકલકુવા દારૂલઉલુમના મોહતમીમ હ. મવ. ગુલામ મોહંમદ વસ્તાનવીને માર્ગદર્શન આપવા વિનંતી કરતો પત્ર લખ્યો. તેમનો વળતો જવાબ મળ્યો કે અમુક દિવસે તમો અકકલાકુવા આવી જાવ. અમો ૪ થી ૫ જાણાં કાર લઈ અકકલકુવા પહોંચ્યા. મોહતમીમ સાહબે ધુલીયાના જ. એ. જી. શેખ રીટાયર્ડ ડે. કલેકટર સાથે મુલાકાત કરાવી આપી. તેમની સાથે વિસ્તૃત ચર્ચા પછી તેમણે પ્રોજેકટ બનાવવાના અનુભવ હોવાથી તેમણે કઠોર આવી પ્રોજેકટ તૈયાર કરી આપવા સંમત થયા.

ત્યારબાદ જે પ્રોજેકટ તૈયાર થયો, તે મુંબઈ ડૉ. એ. યુ. શેખ સાહબને પહોંચાડવામાં આવ્યો. ૩-૪ દિવસ પછી પ્રોજેકટનો આખો તુમાર અમોને પરત મળ્યો. અમારી મુંઝવણનો પાર રહ્યો નહિ. અમારા કમિટી સભ્ય જ. મોહંમદ ઈ. માંજુને ડૉ. શેખ સાહબ પાસે મોકલવામાં આવ્યા કે આ ફાઈલોમાં શું ખૂટે છે કે એમાં શી ખામી છે ડૉ. શેખ સાથે વાતચીતમાં જાણવા મળ્યું કે કોઈ હિત શુભેચ્છકે તેમના મનમાં એ વાતને સારી રીતે ઠસાવી દીધી હતી કે "આ સ્કૂલમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ નહિવત છે." જ. માંજુએ તેમને સારી રીતે સમજાવ્યા કે આ વાત તદ્દન ખોટી છે. મુસ્લિમ વિદ્યાર્થીઓ લગભગ ૮૦-૮૫ ટકા છે, ત્યારે તેમણે પ્રોજેકટ ઉપર જોદાર ભલામણ લખી તે ભાઈને સીધા હૈદરાબાદ સેન્ટ્રલ-પેનલ ઓફીસ પર મોકલી આપ્યા. ત્યાંથી પણ સારી ભલામણ સાથે અમારી ફાઈલ તા.૨૪-૨-૮૯ ના જીદ્દા રવાના કરવામાં આવી.

અમારા આશ્ચર્ય સાથેના તા.૭-૮-૮૮ ના જીદ્દાનો પત્ર મળ્યો કે તમારા પ્રોજેકટના અમેરિકન ડોલર ૨,૬૩,૦૦૦=૦૦ (બે લાખ ત્રેસંઠ હજાર ડોલર) મંજુર કરવામાં આવ્યા છે. કોઈપણ જાતની રિમાર્ક કે કવેરીઝ વિના ટુંક સમયમાં જ મંજુરીની મહોર લાગી છે. જે આ પ્રોજેકટની વિશિષ્ટતા અને લાક્ષણિક્તા સુચવે છે. તે પછી ગ્રાન્ડ એગ્રીમેન્ટ આર્કિટેકટ એન્જીનીયરની પસંદગી કોન્ટ્રાકટરની પસંદગીની વિધિઓમાં સમય લાગી ગયો.

અડચણ : તા.૨૬-૧-૮૯ ના આરિફ બિલ્લા હ. મવ. અહમદ રજા અજમેરી સાહબના મુબારક હસ્તે અને દીલી દુઆથી ડૉ. એ. યુ. શેખ સાહબની હાજરીમાં પ્રોજેકટની પાયા વિધિ સારી લોકોની હાજરીમાં. થઈ. તે પછી કામ સરળતાતી ચાલતું રહ્યું છે. વચ્ચે કેટલાક બીલો ઈસ્લામિક ડેવલપમેંટ બેન્કની સૂચના પ્રમાણે તેમના પ્રોફોર્મા (Proforma) પ્રમાણે કોન્ટ્રાકટરે ભરેલા નહિ હોવાથી નાણાં આવવામાં ઢીલ થઈ, તેથી તે સમય દર્મિયાન કામ બંધ રહ્યુ. તે પછી કામ ખુબ ઝડપથી ચાલ્યું અને ખુદાના રૂઝલો કરમથી તા.૧૭-૧૦-૯૨ ના કામ પુરું થઈ ગયું અને તેનો કબજો મળી ગયો છે.

આભાર દર્શન અને શુભેચ્છા : કામ ચાલુ હતું તે દર્મિયાન જીંદૃાથી ઈસ્લામિક ડેવલપમેંટ બેન્કના એન્જીનીયર યમની સા. સ્થળ પર આવી કામ જોઈ ગયાં અને તેનો સારો અરબીમાં પોતાનો અભિપ્રાય લખ્યો છે

અમો ડૉ. એ. યુ. શેખ સા. કન્વીનર વેસ્ટર્ન ઝોન મુંબઈ, ડૉ. એમ હૈદરખાન, ચેરમેન સેન્ટ્રલ પેનલ હૈદરાબાદ એમના સ્ટાફ એન્જીનીયર જ. ગુલામ મોહમંદ સા. સેકેટરી સરફુદ્દીન સા.આર્ચીટકેટ એન્જીનીયર - મેગોર એન્ડ પાર્ટનર મુંબઈ અને કોન્ટ્રાકટર નિશાત કન્સ્ટકશન વર્કસ મુંબઈના ખુબ ખુબ આભારી છીએ અને મારા સાથી કાર્યકરો સભ્યો તથા નાંમી અનાંમી વ્યક્તિઓએ આ પ્રોજેકટને

કામિયાબ બનાવવામાં માર્ગદર્શન અને સહકારથી અમોને મદદ કરી ખુદાએનો અજર એમને બંને જહાનમાં આપે આમીન.

અમારા સદ્‌ભાગ્યે એક્ષચેંજન ભાવ વધવાથી હમોને સારો ફાયદો થયો. રૂા.૬૦ લાખ મળ્યા છે.

હવે ખુદાપાક આ પ્રોજેકટનો સારો લાભ અમારી શાળાના વિદ્યાર્થીઓને મળે તેવી દુઆ છે.

હ. મવ. ગુલામ મોહંમદ વસ્તાનવી સહબ અને જ. એ. જી. શેખ સાહબનો તેમના સહકાર બદલ આભાર માનીએ છીએ. ગંગાધરાના નિવૃત આચાર્ય ડૉ. ભીખુભાઈ એન. પટેલનો સલાહ સૂચનો માટે આભાર. ઈસ્લામિક ડેવલપમેંટ બેન્ક - જીદ્દાના અધિકારીઓ અને ખાસ કરી ડૉ. કાએદ ઈબ્રાહીમ અબ્દુલ હક સાહબ આસીસ્ટન્ટ પ્રેસીડન્ટનો ખરા દીલથી ખુબ ખુબ આભાર. તેમનાં સંપૂર્ણ સહકાર સમયસરના બીલોનાં નાણાં મોકલવા બદલ આભાર માનીએ છીએ. ખુદા એ સંગઠનને વધુ મજબુત સધ્ધર અને ફૈઝયાબ બનાવે આમીન.

અંતે

સૌનો ખુબ ખુબ આભાર માનું છું.

*ડૉ. એમ. ઈ. કાઝી પ્રમુખ*
*અન્જુમને ઈસ્લામ સોસાયટી*
*કઠોર.*

**'1926/27'**

## ભૂતકાળની યાદ

જુના મદ્રેસાની બિલ્ડીગમાં મેહફીલની માળને લગોલગ મોટો હોલ હતો. તેમાં દીનીયાતની તાલીમ થતી હતી. હેડ મુદરરીસ મેહફીલની દિવાલ સાથે વચ્ચોવચ બેસતા હતા. બંને સાઈડ પર બીજા બે મુદરર્સસે બેસતા હતા.

બાકીની બિલ્ડીગમાં ૧૦ X ૧૨ ના રૂમો લાકડાના પાર્ટીશન કરીને બનાવેલાં હતા. તેમાં દુન્યવી શિક્ષણના વર્ગો ચાલતા હતા. ધો૬માં મારી સાથે કુલ ૧૧ વિદ્યાર્થીઓ હતા: ૮ ગામના અને ૩ બોર્ડરો - બે શિક્ષકો વારાફરતી આવતા અને ઘોંઘાતી વાતાવરણમાં શિક્ષણ આપતા હતા. મુખ્ય શિક્ષક મુન્શી રહેમાનભાઈ હતા. મારી શાળા કહેતા ગૌરવ અનુભવું છું. એની આજની પ્રગતિ જોઈને ખુબ આનંદ થાય છે.

(ડો.) એમ. ઈ. કાઝી
M. B. B. S

## 1934

I always had a yearning to see Kathor my birth palce to be for -front in Religius, Educational & Socio-Economic Field.

It seems, in the Religious field. It was at its Zenithin-1930 & the Madressa Anjumane Islam. Served the communuty & the area the Kathorians should be proud of.

I admire our seniors, who had the vision to establish Madressa-E-Anjumane Islam. They deserved a 'Special Recognise on this day when it celebrates Centinary year.

Now, I am glad that Kathor is progressing in Educational field under the able management of Dr. Kazi, Principal - Surti & Ahmed Patel. All the members who are keen & dedicated not Forgetting the School Teachers & Staff at all levels.

However, they will need a lot of Moral Support & Guidance from our people all over the world to bush their moral confidence & ego.

Also nice to know that our Girls are taking keen interest which is a must in the present day society, because some how the women legged behind, due to tradition rather than dirth of telents.

I take pride that I am a students of this institution in primary stage.

I most sincerely wish that the institution rise to its Zenith-Inshaallah. I would appeal intellechuails & Philan tropic who are all over world to support various institutions and organisations managed by local people. Morally & Social economically they deserve our support.

Kathor-Zindabad. Khuda-Hafez.



Dr. K.M. PAREKH
M.B.B.S.
Registrar Anesthetic
47, Ryccrott Street,
Glucoster-GL1 4LZ